પ્રકાશન નં. ૪૦

# કુર્આનની ૨૪ આયતો

જિહાદ, કાફિર, જિઝયહ, ગનીમત,
ગેર મુસ્લિમો સાથે સંબંધ વગેરે
વિષયો પરત્વે પ્રસરાવવામાં
આવતી ભ્રામકતાઓનો ખુલાસો

મુફતી ફરીદ અહમદ રશીદ કાવી

પ્રકાશક

જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

મુ. પો. જંબુસર, જિ. ભરૂચ, ગુજરાત
પીન : ૩૯૨૧૫૦ • ફોન : ૨૨૦૭૮૬-૨૨૦૨૮૬ • ફેકસ : ૨૨૨૬૭૭
www.jamiahjambusar.com • e-mail : jamia@satyam.net.in

પ્રકાશન નં ૪૦

# કુર્આનની ૨૪ આયતો

જિહાદ, કાફિર, જિઝયહ, ગનીમત,
ગેર મુસ્લિમો સાથેસંબંધ વગેરે
વિષયો પરત્વેપ્રસરાવવામાં
આવતી ભ્રામકતાઓનો ખુલાસો

**મુફ્તી ફરીદ અહમદ રશીદ કાવી**

**પ્રકાશક**
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર
મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,
પીનઃ૩૯૨૧૫૦, ☎ ૨૨૦૭૮૬–૨૨૦૨૮૬
ફેક્સઃ ૨૨૨૬૭૭ **www.jamiahjambusar.com**
e mail: jamia@satyam.net.in

# ૨૪ આયતો.

મુફ્તી ફરીદ અહમદ રશીદ કાવી

પ્રત : ૧૦૦૦, ત્રીજી આવૃતિ, સપ્ટેમ્બર ૨૦૦૫

પ્રકાશક :

મુફ્તી અહમદ દેવલ્વી
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર
મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,
પીનઃ૩૯૨૧૫૦, ☎ ૨૨૦૭૮૬–૨૨૦૨૮૬
ફેક્સઃ ૨૨૨૬૭૭ **www.jamiahjambusar.com**
e mail: jamia@satyam.net.in

મળવાનું ઠેકાણું :

**મુફ્તી ઈમ્તિયાઝ સાહેબ.**
ઠે.જામિઅહ દારૂલ કુર્આન,
દીલ્લી દરબાર હોટલ પાછળ
મુ.પો.સરખેજ જી : અમદાવાદ
પીન નં. ૩૮૦૦૦૧ (ગુજરાત)

સખી સજ્જનોના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે.
અલ્લાહ તઆલા દરેકની મગફિરત ફરમાવે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય.................................................. | ૨ |
| ૨ | પ્રાસ્તાવિક.................................................. | ૭ |
| ૩ | પુસ્તિકા વિશે.............................................. | ૧૨ |
| ૪ | જિહાદ સંબંધી આયતો................................. | ૧૪ |
| ૫ | લડાઈ : હિન્દુ ધર્મગ્રંથોમાં............................... | ૨૪ |
| ૬ | માલે ગનીમત (શત્રુ સંપત્તિ)........................... | ૨૫ |
| ૭ | જિઝયા વેરો.................................................. | ૨૬ |
| ૮ | મુસલમાનોના શત્રુઓ..................................... | ૨૯ |
| ૯ | કાફિરો સાથે સંબંધ, ઈસ્લામની ઉદારતા.............. | ૩૧ |
| ૧૦ | એક મજાની વાત........................................... | ૩૬ |
| ૧૧ | શિર્ક કરનારાઓ નાપાક–અપવિત્ર છે................ | ૩૬ |
| ૧૨ | કાફિરોને હિદાયત–પથદર્શન............................ | ૩૯ |
| ૧૩ | ઈસાઈઓ માંહે શત્રુતા................................... | ૪૦ |
| ૧૪ | કાફિરોને અલ્લાહનો અઝાબ–શિક્ષા.................. | ૪૨ |
| ૧૫ | કાફિર.......................................................... | ૪૬ |
| ૧૬ | કાફિરો સાથે સામાજિક વ્યવહાર....................... | ૪૯ |
| ૧૭ | જિહાદ......................................................... | ૫૧ |
| ૧૮ | જિહાદ એટલે લડાઈ–યુદ્ધ.............................. | ૫૨ |
| ૧૯ | જિહાદ કેવી પરિસ્થિતિમાં............................... | ૫૩ |
| ૨૦ | જિહાદનો આશય લોકોને મુસલમાન બનાવવું નથી.. | ૫૫ |
| ૨૧ | શાંતિનો ઉપદેશક ઈસ્લામ અને જિહાદ................ | ૫૫ |

# ............પ્રકાશકીય

● *અતિદયાળુ, કૃપાળુ અલ્લાહના નામથી.*

*કુર્આન અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવેલ અંતિમ વહી છે, સંદેશ છે. સન્માર્ગના પથિકની ગાઈડબૂક છે. જે અલ્લાહના અંતિમ નબી, માનવતાના ઉદ્ધારક હઝરત મુહમ્મદ પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દ્વારા સામાન્યજન સુધી પહોંચાડવામાં આવી. સ્વયં અલ્લાહ તઆલાએ એના રક્ષણની જવાબદારી પોતાના શિરે લઈ રાખી છે. માટે એ શકય જ નથી કે કોઈ એક માણસ, અમુક માણસો, સત્તા–શાસન કે વિશ્વના બધા જ મનુષ્યો–સત્તાઓ મળી એમાં ફેરફાર કરી શકે.*

*આજ કાલ અમુક નકકી સંસ્થાઓ સદીઓથી હળી મળી રહેતા ભારતવર્ષના હિન્દીબંધુઓ વચ્ચે વેર–ઝેર અને ઘૃણાનું વાતાવરણ ઉત્પન્ન કરવા કુર્આનની અમુક આયતોને કેન્દ્ર બનાવી તેને હિન્દુ વિરોધી દર્શાવે છે. ઉપરાંત, કુર્આનમાંથી તેને બાકાત કરવાની માગણી પણ. આ માટે એક પત્રિકા દ્વારા કુર્આનની ૨૪ આયતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.*

*જે સમયકાળ દરમિયાન કુર્આન મુહમ્મદ પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર અવતરી રહયું હતું, ત્યારે પણ મકકાના શત્રુઓ આપથી, કુર્આનથી, કુર્આનના આદેશોથી ગિન્નાયા હતા અને કુર્આનની અવાજને દબાવવા વિવિધ સ્કીમો, યોજનાઓ, પેંતરાઓ, તરકીબો અજમાવતા હતા. કુર્આનને જાદુઈ વાણી, જિન્નાતોની વાતો, ગાંડાની બકવાસ ગણાવતા. લોકોને એનાથી દૂર*

રાખવા અન્ય બીજી રીતો પણ અપનાવતા, જેમ કે કુર્આન પઢવામાં આવતું ત્યારે મોટેથી બૂમ બરાડા પાડી શોર મચાવતા. કદી કાનમાં આંગળીઓ નાખી દેતા. વગેરે...

આટલું બધું છતાં જયારે તેમનાથી કંઈ ન બન્યું તો પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવી માગણી કરવા લાગ્યા કે "હે મુહમ્મદ ! આ કુર્આનના સ્થાને બીજું કુર્આન લઈ આવો, અથવા આમાં જ ફેરફાર કરી દો(અમારી અણગમતી વાતો કાઢી નાંખો).

(સૂ. યૂનુસઃ ૧૫)

પરંતુ આ તો કંઈ માનવીય વાતો, ઉપજાવેલ વાર્તાઓ કે કથાકારોના કિસ્સાઓ થોડા હતાં કે તેમાં મનફાવતું પરિવર્તન થઈ શકે. આ તો અલ્લાહનું કલામ–ઈશવાણી હતી, તેમાં પરિવર્તન–ફેરફાર કેવી રીતે થાય અને કોણ કરે?

અહિંયા મૂળ પ્રશ્ન જ આ છે કે કુર્આનમાં ફેરફાર કરવાનો અધિકાર કોને છે? અન્યોને આ વાત જેટલી સરળ લાગે છે, મુસલમાનો માટે એટલી જ અશકય છે. મુસલમાન ત્યારે જ મુસલમાન છે, જયારે તે કુર્આનને પોતાનો રાહબર નેતા સમજી તેને અનુસરે. ફેરફાર કરવો એ કુર્આનને અનુસરવું નથી, બલકે કુર્આન પાસે પોતાનું અનુસરણ કરાવવું થયું. જે બિલકુલ ઊલટી વાત છે. પયગંબર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમય દરમિયાન જયારે આવી માગણી કરવામાં આવી તો અલ્લાહ તરફથી કહેવામાં આવ્યું કે આ શકય જ નથી. કોઈને એનો અધિકાર પણ નથી. પયગંબર મુહમ્મદ સલ્લલ્લલાહુ અલયહિ વ સલ્લમને પણ નહિ. કુર્આનમાં સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું :

"અને તે (નબી) અમારા નામ પર કોઈ વાત ઘડી કાઢત, તો અમે એનો જમણો હાથ પકડી લેત. પછી અમે એના હૃદયની ધોરી નસ કાપી નાખત.

ત્યારે તમારામાંથી કોઈ પણ એને તે (શિક્ષા)થી બચાવનાર ન નીકળત. (હાક્કહ:૪૪–૪૭)

માટે યાદ રાખવાની વાત એક જ છે કે કુર્આનમાં ફેરફાર શક્ય નથી.

---

બીજી વાત એ છે કે આવી માગણીઓનું કારણ મારા મતે અમુક પ્રકારની એવી ગેરસમજ છે, જેનો કોઈ આધાર નથી.

અન્યધર્મીઓ જુએ છે કે કુર્આનમાં મુસલમાનોને સારા ઉપનામોથી સંબોધવામાં આવ્યા છે અને અન્યોને કાફિર કહેવામાં આવ્યા છે. નર્કની સજા, અપમાન, પરાજય અને અન્ય શિક્ષાવચનોની ધમકી આપવામાં આવી છે.

પરંતુ યાદ રાખવું જોઈએ કે કુર્આનની નજરમાં આ ભેદ અત્યંત ગૌણ છે. જે કોઈ કુર્આનને અનુસરશે, તેના માટે તે સઘળી ખૂશખબરીઓ છે, જે કુર્આનમાં છે. જે નથી અનુસરતા અને વિરોધ કરે છે, તેમના માટે તે સઘળી શિક્ષાઓ છે, જે એમાં છે. એમાં ક્યાંય ભારતના હિન્દુઓ કે અમેરિકાના ખ્રિસ્તીઓનું નામ નથી લેવામાં આવ્યું. પોતાને મુસલમાન કહેનાર પણ જો કુર્આન વિરુદ્ધ આચરણ ધરાવતો હોય તો કુર્આન તેના માટે પણ સજાની જ ધમકી આપે છે.

યાદ રાખવું જોઈએ કે આકાશી ધર્મગ્રંથોમાં સમય–કાળ, વિસ્તાર–પ્રદેશ અને જ્ઞાતિ–જાતિથી ઊંચા–અળગા રહી સમસ્ત માનવજાતને જ સંબોધન હોય છે. વેદ–પુરાણ–ગીતા વગેરેમાં શત્રુ–અધર્મી વગેરે શબ્દોના સંબોધિતો રૂપે મુસલમાનો કદી પોતાને નથી જોતા.

---

ત્રીજી વાત...

જે આયતોને ટીકાનું કેન્દ્ર બનાવવામાં આવી છે,

તેમાં મોટા ભાગની આયતો ત્રણ પ્રકારની છેઃ (૧) કાફિરો મુસલમાનોના શત્રુ છે, (૨) એમનાથી દોસ્તી–મૈત્રી રાખવી નહિ. (૩) એમને મારી નાખો.

સ્પષ્ટતા ખાતર ટૂંકમાં આટલું જ બસ છે કે આ આદેશો ફકત શત્રુ કાફિરો માટે જ છે. દરેક માટે નથી, કારણ કે કુર્આનમાં અન્ય સ્થળોએ સ્પષ્ટ શબ્દોમાં કાફિરોને વિવિધ સમૂહોમાં વહેંચી દરેક વિશે અલગ અલગ આદેશો આપવામાં આવ્યા છે. જેમ કે મુસલમાનો સાથે સંધિ હોય, શત્રુ હોય, કે શત્રુ પક્ષ સાથે જોડાણ ધરાવતા હોય, બન્નેમાંથી કોઈની જોડે ન હોય. મુસલમાનોથી ધર્મ બાબતમાં ઝઘડનારા, ન ઝઘડનારા...

આ વિષયની એક આયત આ પ્રમાણે છેઃ અને જે કાફિરો તમારાથી ધર્મ બાબત ઝઘડતા નથી, તમને તમારા ઘરોમાંથી એમણે કાઢયા નથી તો એમના સાથે સદ્‌વર્તન કરવામાં અલ્લાહ તરફથી મનાઈ નથી. (મુમ્તહિનહઃ૭–૮)

માટે કુર્આનના કાફિર શબ્દ અને શત્રુતાના આદેશો કોઈએ સ્વયં પોતાના ઉપર ઓઢી લેવાની જરૂરત નથી.

કુર્આન જયારે પણ સંબોધે છે, તો પૂરી માનવતાને જ સંબોધે છે. ૩૦૦થી વધુ વાર એમાં ''હે લોકો !''થી સંબોધન છે. દરેક સાથે સદ્‌વર્તન ની શીખ આપે છે. એમાં ભારતભરના હિન્દુ બંધુઓ પણ શામેલ છે, અને સદ્‌વર્તનનો આદેશ પણ એમ જોઈએ તો પોતાનાઓ માટે ન હોય, અન્યો માટે જ હોય છે. સગા કે સહધર્મી કે સહકર્મી સાથે સદ્‌વર્તન તો બધા જ કરતા હોય છે.

પ્રસ્તુત પુસ્તિકામાં કુર્આન વિરોધીઓની કુચેષ્ટાને ખુલ્લી પાડવા નિર્દેશિત ૨૪ આયતોનો સાચો અર્થ–ભાવાર્થ કુર્આન અને તેના માન્ય ભાષ્ય ગ્રંથોના આધારે અને હિન્દુ ધર્મગ્રંથોના સથવારે આપવાનો સુંદર પ્રયાસ જામિઅહના એક ઉસ્તાદ મુફતી ફરીદ સાહેબ દ્વારા કરવામાં આવ્યો છે. જામિઅહનો પ્રકાશન વિભાગ એમનો

શુક્રિયહ અદા કરી આ પુસ્તિકાને પ્રગટ કરી રહયો છે. આશા છે કે આ પ્રયાસ લોકોની શંકા–કુશંકાઓ અને ભ્રામકતાઓનું નિવારણ કરવામાં સહાયરૂપ બનશે.

**હે લોકો! તમને અને તમારા પુર્વજોને પેદા કરનાર તમારા પાલનહારની ઉપાસના કરો, જેથી તમે પરહેઝગાર (સંયમી) બની જાઓ. એણે તમારા માટે પૃથ્વીને પાથરણું અને આકાશને છત બનાવ્યું. આકાશથી પાણી વરસાવ્યું, પછી તેના વડે તમારા ખાણા માટે ફળો ઉત્પન્ન કર્યા. તો પછી તમે જાણીબૂજીને અલ્લાહના ભાગીદાર ન બનાવો. (બકરહઃ રર)**

**હે લોકો! નિ:શંક અમે તમને એક પુરુષ અને એક જ સ્ત્રીથી પેદા કર્યા અને તમારી અનેક કોમો અને કુટુંબો બનાવ્યા, જેથી તમે એક બીજાને ઓળખી શકો. નિ:શંક અલ્લાહને ત્યાં તમારામાંથી તે જ વધુ માનવંત છે, જે વધુ પરહેઝગાર હોય, (હુજરાત: ૧૩)**

(મુફ્તી) અહમદ દેવલ્વી

જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર
બાયપાસ રોડ, જંબુસર, જિ. ભરૂચ
ગુજરાત, ૩૯૨૧૫૦

# પ્રાસ્તાવિક

ધર્મ–મઝહબ આચરણની વસ્તુ છે, જીવનમાં વર્તવાનું નામ છે. રહેણી –કરણી અને આચારવિચારમાં અપનાવવા અને અનુસરવાની ચીજ છે. અહિંયા ફિલોસોફી, તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને બુદ્ધિમત્તા દ્વિતિય ક્રમે છે. તે પહેલાં આચરણ, અનુસરણ અને સમર્પણ છે.

ઈસ્લામ ધર્મને અન્ય ધર્મો કરતાં જુદો પાડતી અત્યંત મહત્ત્વની બાબત એ છે કે તે આચારપ્રધાન છે. અહિંયા આચાર અને નીતિ વિષયક માર્ગદર્શન સંપૂર્ણ અને સંતોષકારક છે.

કુરબાની વિશેની એક આયતમાં આ જ વાતને આ પ્રમાણે કહેવામાં આવી છેઃ *"અલ્લાહને તમારાં માંસ–રુધિર હરગિજ નથી પહોંચતાં, તેને તો તમારા સંયમ (તકવા) મળે છે."* *(હજઃ ૩૭)*

એક હિંદુ લેખિકા 'ડો. અરુણિકા દરૂ'ના મતેઃ " મુહમ્મદ પયગંબરે પ્રવતાવેલ ધર્મ અધ્યાત્મપ્રધાનને બદલે આચારપ્રધાન છે અને ફિલસૂફી પ્રધાનને બદલે નીતિપ્રધાન છે."

માટે ઈસ્લામમાં, કુર્આન અને હદીસમાં માનવીય આચાર અને દિનચર્યાને લગતી સઘળી બાબતો પ્રત્યે સ્પષ્ટ માર્ગદર્શન છે. કુર્આનમાં ધાર્મિક ક્રિયાકાંડો જેમ કે નમાઝ, રોઝા, હજ વિશેના આદેશો પણ છે અને સામાજિક, વ્યાવહારિક, સંબંધોને લગતું માર્ગદર્શન પણ છે. તેમાં શાદી વિવાહ, છૂટાછેડા, વ્યાજુ લેન–દેન પર પાબંદી જેવા અત્યંત મહત્ત્વના પ્રશ્નોનું માર્ગદર્શન પણ છે, તો ઉધાર લેન–દેન જેવી એક રોજિંદી – નાની પણ મહત્ત્વની બાબતનું પણ માર્ગદર્શન છે. માટે જ વિશ્લેષકો અને વિદ્વાનોના મતે માનવપ્રકૃતિને અનુરૂપ અને સાનૂકુળ જો કોઈ ધર્મ આજે છે, તો તે ઈસ્લામ છે.

કુર્આન અને ઈસ્લામ સંબંધી ભારતના અમુક હિંદુ બૌદ્ધિકોનાં કથનો આપણે જોઈએઃ

"ઈસ્લામના ઉદ્‌ગાતા હઝરત મુહમ્મદ પયગંબર સાહેબે જે ઉપદેશો આપ્યા છે, તેની પછવાડે માનવમાત્ર પ્રત્યે કરુણા અને ભલાઈનો જ સંદેશ છે. કોઈ પણ ધર્મ હિંસાના પાયા ઉપર પાંગરી શકે જ નહિ–ઈસ્લામ પણ."

*(રજનીકુમાર પંડયા)*

"અસંખ્ય જ્ઞાતિ–જાતિ અને કબીલાઓમાં વહેંચાયેલ વિશાળ પ્રજાને ઈસ્લામે જે સંગઠિત રૂપ આપ્યું તે વર્ણધર્મ ના આપી શકયો. એકમાં સર્વસ્વ પચાવવાની ક્ષમતા હતી તો બીજામાં પચાવવાની ક્ષમતા હતી જ નહિ."

*(મારા અનુભવો, સ્વામી સચ્ચિદાનંદ)*

"મુહમ્મદ પયગંબરે તેમની આખર વિદાયના ઉપદેશમાં હજારો યાત્રીઓને કહયું: અલ્લાહે તમને એકબીજાનો રક્તપાત કરવાની છૂટ આપી નથી. તમારે કોઈની મિલકત હડપ કરવાની નથી. અર્થાત્ કોઈની જાન લેવાની નથી કારણ કે એક જણની જાન લેવી તે સમગ્ર માનવજાતને હણવા બરાબર છે. (સૂરા–પ, આયત–૩ર) ઉપરોકત કુરાનમાં ઉપદેશ છે કે જે લોકો સમાજની શાંતિને જફા કરે છે અને ભય ફેલાવે છે, તેને કડકમાં કડક શિક્ષા થવી જોઈએ." *(સૂરા–પ, આયત–૩૩)* *(કાન્તિ ભટ્ટ)*

તેમણે સૌને 'સબ સે ઊંચી પ્રેમ સગાઈ' એમ કહી વેરની જગાએ પ્રેમનું ઓસડ ક્ષમા છે, એમ કહી સમજાવ્યું. દયા, ક્ષમા, ઉદારતા, સહિષ્ણુતા અને અહિંસા જ માણસનું ભૂષણ છે, તેવું સતત સમજાવ્યું. તેમણે સર્વ સમર્પણની ભાવના સાથે અલ્લાહ ચીંધ્યા રસ્તે ચાલવાની સૌને શીખ આપી. *(રમેશ પારેખ)*

સત્કર્મો ઉપર કુરાનમાં પહેલેથી જ છેલ્લે સુધી વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. 'સૌ માણસો એક જ કોમ' ના સિદ્ધાંતથી જ ઈસ્લામમાં નાના–મોટા, અમીર–ગરીબ, ઊંચ–નીચ, નાત–જાત, કુળ,વંશ, રંગ, ગુલામ અને માલિક વગેરેના સર્વ ભેદો દૂર કરીને સૌ માણસો સમાન હોવા પર અતિશય ભાર મૂકવામાં આવ્યો છે. *(ભૂપત વડોદરિયા)*

ગાંધીજી વિશે પ્રો. મગનભાઈ જો. પટેલ લખે છે: "... મુસલમાન મિત્રોના ગાઢ સહવાસથી અને કુરાનાદિ ધર્મગ્રંથોના અધ્યયનથી ઈસ્લામના ઈશ્વરના એકત્વ અને માનવોના ભ્રાતૃત્વના સિદ્ધાંતથી તેઓ પ્રભાવિત થયા હોય એમ લાગે છે." *(ગાંધીજીનું ધર્મદર્શન)*

હિંદુઓ, હિંદુ ધર્મની વિશાળતા, ઉદારતા અને અન્યોને સમાવી લેવાની ક્ષમતા વિશે ખૂબ પ્રચાર કરે છે, પરંતુ મારા મતે ઈસ્લામની વિશાળતા તેના કરતાં કંઈ ગણી વધારે છે.

ઈસ્લામી ગ્રંથો (કુર્આન,હદીસ વગેરે)માં અન્ય ધર્મીઓ સાથે વ્યવહાર અને સંબંધો વિશે સ્પષ્ટ માર્ગદર્શન છે. સૈદ્ધાંતિક રીતે કુર્આનમાં એક

જગાએ પરધર્મીઓને બે પ્રકારે જોવામાં આવ્યા છે. એક, જેઓ મુસલમાનોના શત્રુ છે. તેમના સાથે લડાઈની સ્થિતિ છે. બે, એવા પરધર્મીઓ જેમની સાથે મુસલમાનોની લડાઈ નથી અને સુલેહના કરાર થયેલા છે. *(કુર્આનમાં અન્ય સ્થળોએ અને અન્ય ગ્રંથોમાં આ બાબત વધુ વિસ્તારથી પણ આલેખાયેલ છે.)*

આમ બે પ્રકારમાં વહેંચી સ્પષ્ટ માર્ગદર્શન આપવું એ જ ઈસ્લામની વિશાળતાનો પુરાવો છે કે ઈસ્લામ તેમના સહઅસ્તિત્વને સ્વીકારે છે. તેમની જોડે વેપાર–વ્યવહાર, લેન–દેન અને અન્ય સંબંધોની આવશ્યકતાને સમજે છે. માટે જ તો તે વિશે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

અત્રે યાદ રાખવું જોઈએ કે કોઈ એક ધર્મમાં અન્ય ધર્મ સંબંધી વિશિષ્ટ આજ્ઞાઓ અને આદેશો હોવું ખરાબ વાત નથી. એનાં ઉદરાહરણો દરેક ધર્મમાં સહેલાઈથી મળી શકે છે. (હિંદુ ધર્મમાં તો એક જ ધર્મમાં માનતા લોકોમાં પણ ધર્મગ્રંથોએ એટલો બધો ભેદભાવ સ્થાપ્યો છે કે અત્રે એનો ઉલ્લેખ ન કરવો જ યોગ્ય રહેશે.) છતાં ઈસ્લામ જેટલી વિશાળતા કયાંય ન મળશે. ધર્મની વાત તો દૂર રહી; હવે તો એક દેશ પોતાના નાગરિકો અને અન્ય દેશોના નાગરિકો વિશેના આદેશો જુદા જુદા રાખે છે. અમેરિકાના એક રાજયમાં ત્યાંના સ્થાનિક રહેવાસીને એક વસ્તુ સસ્તી મળે છે, પરદેશીને મોંઘી! એથી વધીને એક જ દેશના બે રાજયો પણ એક બીજા પ્રત્યે જુદા જુદા ધોરણો અપનાવે છે. અને પરરાજયમાંથી આવતા માલને ટેકસ ભરવો પડે છે.

રાષ્ટ્રીયતા કે નાગરિકત્વ; એ કોઈ અલૌકિક ધર્મ નથી, એક સૈદ્ધાંતિક બંધન માત્ર છે, ધર્મ કરતાં ઘણું જ સંકુચિત છે, છતાં અહિંયા ભેદભાવનાં ઉદાહરણો જોવા મળે છે. આ બધું શા માટે? ફકત એટલા માટે કે આપણા દેશ, રાજય કે વાડાનો સ્વાર્થ સચવાય, પરદેશી કે અન્યોના હાથે એનું શોષણ કે નુકસાન ન થાય.

આ ભેદભાવ સ્વાભાવિક સમજી બધા જ સ્વીકારે છે. માટે જો કુર્આનમાં પરધર્મીઓ વિશે જુદા આદેશો અને વિશિષ્ટ માર્ગદર્શન હોય તો એ કોઈ અચંબાની કે ખોટી વાત નથી. ઈસ્લામ અને કુર્આન એના કારણે ખોટા, ક્ષતિગ્રસ્ત કે ભેદભાવપૂર્ણ નથી બની જતા, બલકે એ એમની ખૂબી, વિશાળતા, ઉદારતા અને સહઅસ્તિત્વને સ્વીકારવાની દલીલ છે. પ્રસિદ્ધ

લેખક, સુધારક અને સંત સ્વામી સચ્ચિદાનંદ લખે છેઃ

" મેં બધા જ ધર્મોનાં કાંઈક અંશે જમા–ઉધાર પાસાં જોયાં છે અને તેમાંથી જમા–જમા પાસાંઓનું સમર્થન કરતો રહયો છું. ઘણી વાર ઘણા હિન્દુ ભાઈઓની ફરિયાદ રહી છે કે હું ઈસ્લામના ઘણાં વખાણ કરું છું. વાત સાચી પણ છે, તેનો એકેશ્વરવાદ, સમાનતા, આભડછેટ વિનાની જીવન વ્યવસ્થા, બ્રહ્મચર્ય પાળવા ઉપર નહિ, પણ કુદરત–સહજ આવેગોને કુદરતી માર્ગે શમાવવા ઉપર ભાર, લગ્ન અને મરણપ્રક્રિયામાં ન્યાય અને વિશાળતા, બધા ધર્મના માણસો માટે પોતાના દરવાજા ખુલ્લા રાખવા, મસ્જિદની સાદાઈ, નિરાકાર પરમાત્માને સોનાચાંદીના દાગીનાથી શણગારવાનો અભાવ, આવી જ રીતે છપ્પનભોગ જેવા ભોગોનો અભાવ, વિશ્વભરની બધી કોમો અને બધા ધર્મના માણસો માટે પોતાના દરવાજા ખુલ્લા રાખવા, સૌને સમાવવા, સૌની એકતા કરવી, સાથે બેસીને આભડછેટ વગર જમવું–આવી બધી અનેક વાતોથી હું પ્રભાવિત થયો છું."

*(આંતકવાદના ઊંડા મૂળઃ ૨૯)*

અમારો આશય અત્રે કુર્આન અને ઈસ્લામની ઉદારતા, વિશાળતા અને સત્યતા પર ચર્ચા કરવાનો નથી, નમૂના રૂપે આ અમુક કથનો ટાંકવામાં આવ્યાં છે.

કુર્આન વિશે સ્વયં કુર્આન કહે છેઃ

*"નિઃશંક આ કુર્આન એવી રાહ ચીંધે છે, જે ખૂબ જ સીધી છે."*
*(૧૭/૯)*

*"અમે તમારા પર 'કિતાબ' (કુર્આન) ઉતારી છે, દરેક વસ્તુને સ્પષ્ટ કરવા માટે"* *(૧૬/૮૯)*

*"અલ્લાહ તે છે, જેણે તમારા ઉપર સ્પષ્ટ કિતાબ ઉતારી છે."*
*(૬/૧૧૪)*

કુર્આન અને ઈસ્લામની આવી ઉદારતા છતાં અમુક દેશબાંધવો તરફથી એની સઘળી ખૂબીઓ અને ગુણોને કોરાણે મૂકી અત્યંત ભ્રામક અને વિષભર્યો પ્રચાર કરવામાં આવી રહયો છે. કુર્આનનાં તે કથનો, જેમાં મુસલમાનોને શત્રુઓથી લડવા, તેમને મારવા–પકડવા વિશેના આદેશો છે, તેની ટોપી પાડોશીબંધુઓ પોતે ઓઢી લઈ સમજે છે કે કુર્આનમાં મારવા કાપવાના બધા જ આદેશો તેમના માટે જ છે. જયારે કે વાસ્તવિકતા એનાથી વિપરીત છે. આવા આદેશો શત્રુઓ માટે છે. ભાઈબંધો, સહચરો અને સહવાસીઓ માટે નથી. તેમના જોડે તો સદ્‌વર્તન અને બંધુત્વ ભાવનાથી

વર્તવાનો સ્પષ્ટ આદેશ કુર્આનમાં છે.

તેઓ આ પૂર્વે જો પોતાનાં ધાર્મિક પુસ્તકો પ્રત્યે પણ એક નજર કરી લેત, તો સારું હતું. વેદ, મહાભારત, ગીતા, રામાયણમાં શું શત્રુઓ, અત્યાચારીઓ અને અધર્મીઓ સાથે યુદ્ધ કરવાના આદેશો નથી ? આ ધર્મગ્રંથોમાં કુર્આન અને ઈસ્લામની જેમ સમગ્ર માનવજાતિ માટે સમાનતા અને સદભાવનાની વાત તો દૂર રહી, એક જ ધર્મમાં માનનાર, એક જ નીતિને અનુસરનાર અને એક જ ભગવાનને પૂજનાર માનવોને પણ જુદા જુદા વર્ગોમાં વહેંચીને સૃષ્ટિની ઉચ્ચતમ માનવજાતિના અમુક વર્ગોને તો જાનવરો કરતાં વધુ ઊતરતી કક્ષાના ગણવામાં આવે છે.

રામાયણના ઉત્તરકાંણ્ડ(૭)માં શમ્બુક વધનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. એક શૂદ્ર શૂદ્રયોનિમાંથી પેદા થવા છતાં સંસારની માયા છોડી તપ તપસ્યામાં તલ્લીન થાય છે, પરંતુ પ્રભુની આરાધના અને નિકટતા ઉપર પણ પોતાનો ઈજારો ગણતા બ્રાહ્મણોને આ સ્વીકાર્ય નથી અને રામચંદ્રજી સ્વયં જઈ એનો વધ કરે છે. બિચારો શમ્બુક રામચંદ્રજીને પોતાને દ્વારે આવેલા જોઈ અતિ પ્રસન્ન થઈ આવકારવા દોડી આવે છે, પરંતુ તેને શી ખબર કે અહિંયા તપ તપસ્યા ગૌણ છે, કુળ–વંશની ઈજારાદારી છે.

ભારતમાં જયારે પણ કોમવાદી હુલ્લડો થાય છે, તો તેનો ટોપલો મુસલમાનો પર ઢોળવામાં આવે છે. દરેક હુલ્લડમાં નુકસાન પણ મુસલમાનોને જ વધારે થાય છે અને શાંતિ સ્થાપાયા પછી હુલ્લડોના નિવારણ અને કારણ–તારણમાં પણ મુસલમાનોને જ ભાંડવામાં આવે છે. અશાંતિના અજંપા બાદ જયારે હવે દેશને કંઈ કળ વળી છે, તો હવે આ શાંતિનો લાભ (અલાભ) ઉઠાવી અમુક સંસ્થાઓ (અખિલ ભારતીય હિંદુ મહાસભા) તરફથી "દેશ મેં દંગે કયોં હોતે હૈં?"ના નામના ચોપાનિયાં ફેલાવવામાં આવી રહયાં છે, જેમાં આયતોના પૂર્વાપર સંબંધોને તોડી કુર્આનની ૨૪ આયતોને વિકૃત રૂપે રજૂ કરવામાં આવી છે અને માંગ કરવામાં આવી છે કે કુર્આનની આ ૨૪ આયતો આપત્તિજનક છે, જયાં સુધી તેને હટાવવામાં નહિ આવે શાંતિ શકય નથી.! (નઊઝુ બિલ્લાહ)

નવાઈની વાત એ છે કે આ આપત્તિઓ કંઈ મોટી કે પડકાર રૂપ નથી. સામાન્ય સમજદાર માણસ પણ જો કુર્આનનો અભ્યાસ કરે તો સરળતાથી વાસ્તવિક અર્થ સમજી શકે છે.

વધુ અફસોસ મુસલમાનો પ્રત્યે પણ છે કે તેઓ પણ ઘણી વાર આવા અપપ્રચારની માયાજાળમાં ફસાય જાય છે. કુર્આનમાં ફેરફાર–સુધારની માગણીથી અસહમત રહીને પણ કુર્આનમાં આવાં વિધાનોના અસ્તિત્વને સ્વીકારી લે છે, જે એક ખતરનાક બાબત છે.

## *પુસ્તિકા વિશે*

પ્રસ્તુત પુસ્તિકામાં ટીકાઓના ખંડન માટે બે રીતો અપનાવવામાં આવી છે, (૧) ટીકાકારે રજૂ કરેલ આયતોનો સાચો અર્થ, ભાવાર્થ રજૂ કરી અથવા તેના સંબોધિતોની સ્પષ્ટતા આયતોના પૂર્વાપર સંબંધો સ્પષ્ટ કરી કે અન્ય આયતો દ્વારા અથવા તો હદીસ શરીફના આધારે કરવામાં આવી છે. (૨) આયતોના ટીકાપાત્ર ન હોવા બલકે યથાસ્થાને હોવાનું દર્શાવવા માટે બાહ્ય પુરાવાઓ (વેદ વગેરે ધર્મગ્રંથોનાં કથનો–વચનો કે બીજા તર્ક–વિતર્ક) રજૂ કરવામાં આવ્યા છે.

પહેલી રીત વિશે કશું કહેવાનું નથી રહેતું, કારણ કે એમાં સીધી જ રીતે કુર્આન કે તેના માન્ય ભાષ્યો (તફસીરો) અને અન્ય માન્ય ઈસ્લામી ગ્રંથો–માહિતીનો સહારો લેવામાં આવ્યો છે. ઉપરાંત, તે માટે યથાયોગ્ય જાણકારોથી એનું સમર્થન પણ મેળવી લેવામાં આવ્યું છે.

બીજી રીત વિશે સ્પષ્ટતા કરવાની રહે છે કે હું વેદ–પુરાણ કે મનુસ્મૃતિ ઈત્યાદિ ગ્રંથોની મૂળ ભાષા સંસ્કૃતનો જાણકાર નથી. મારી પાસે હાલ એના ગુજરાતી અનુવાદો કે ભાષ્યો પણ નથી. માટે જયાં જયાં વેદ કે અન્ય ગ્રંથોના શ્લોકો ટાંકવામાં આવ્યા છે, તે વિશે યાદ રાખવું ઘટે કે તે માટે વધુ પડતો આધાર સ્વામી દયાનંદ સરસ્વતીના પુસ્તક " સત્યાર્થ પ્રકાશ" પર છે. તે સિવાય અન્ય ગુજરાતી પેપરો કે પુસ્તિકાઓમાંથી પણ કયાંક કંઈ લેવામાં આવ્યું છે. આ બધી માહિતી અધૂરી – અપૂરતી કે ખોટી પણ હોઈ શકે; પરંતુ તેના કારણે મૂળ આયત વિશે અમે રજૂ કરેલ સ્પષ્ટતા ખોટી નહિ ઠરે, કારણ કે આવી માહિતી દ્રિતીય ક્રમે છે. મૂળ સ્પષ્ટતા અને સાચો ભાવાર્થ તે જ છે, જે કુર્આન અને તેના માન્ય ભાષ્યપુસ્તકો અને ભાષ્યોના સહારે અમે રજૂ કર્યો છે.

કુર્આનના અધ્યયન અને અભ્યાસની સાચી રીત એ છે કે અતઃથી ઈતિ સુધી એકધારું ચિંતન અને આદર સાથે તેનો અભ્યાસ કરવામાં આવે. અમુક માણસો એનાથી વિપરીત અન્ય પુસ્તકોની જેમ પ્રથમ ઈન્ડેક્ષ–

અનુક્રમણિકા જુએ છે અને પછી જિહાદ–લડાઈ, સુલેહ–સંધિ, વેપાર–વ્યાજ, શાદી–છૂટાછેડા ઈત્યાદિ વિષયોની આયતો ચૂંટી કાઢે છે. આ રીત ખોટી છે. કુર્આન સમજવા કાજે તો આવી રીતે કંઈ ન મળશે એ નિશ્ચિત છે. કુર્આની આયતો અને સૂરતોમાં એના પૂર્વાનુબંધ અને ઉત્તરાનુબંધની જાણકારી એક મહત્ત્વનો વિષય છે.

માટે કુર્આનના અભ્યાસુ અને ઈસ્લામ વિશે જિજ્ઞાસુ ભાઈઓથી મારી અપીલ છે કે એક વાર પૂરા કુર્આનનો અભ્યાસ જરૂર કરે.

અહિંયા અમે આયતોને એના પુર્વાપરથી જોડી તેનો સાચો અર્થ, તેની પ્રસંગોચિતતા અને તેમાં આપવામાં આવેલા આદેશોના સૂચિત સંબોધિતોને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરીશું. ઈ. અલ્લાહ વાચકો જોઈ શકશે કે કેવી રીતે અનર્થ કરી આપત્તિ ઉઠાવનારાઓએ પોતાની વિકૃત માનસિકતાનો પુરાવો આપ્યો છે.

૨૪ આયતોમાંથી ૮ આયતો જિહાદ સંબંધી છે. ૨ આયતો માલે–ગનીમત (શત્રુ સંપત્તિ) વિશે છે. ૧ આયત જિઝયા વેરાને લગતી છે. ૪ આયતો શત્રુઓ સાથે સંબંધનિષેધના આદેશ વાળી છે. ૧ આયત મુશ્રિકોને અપવિત્ર–નાપાક દર્શાવતી છે. ૧ આયત અલ્લાહના શત્રુ કાફિરોને સન્માર્ગની પ્રેરણા (હિદાયત) ન મળવા વિશે છે. ૧ આયત ઈસાઈઓ માંહે પ્રવતતી શત્રુતા બાબત છે અને અન્ય ૬ આયતોમાં અલ્લાહના આદેશોનું ઉલ્લંઘન કરનારા અલ્લાહના શત્રુઓ (કાફિરો, ઈસાઈઓ, અ–ધર્મીઓ, વિ–ધર્મીઓ વગેરે)ને અલ્લાહનો અઝાબ–શિક્ષા થવા વિશે છે. ચોપાનિયામાં પ્રગટ ક્રમથી વિપરીત અહિંયા અમે આયતોને ઉપર પ્રમાણે વિષયબદ્ધ ક્રમમાં ગોઠવી છે, જેથી ચર્ચા વિષયબદ્ધ રહે.

અંતમાં વિષયથી સંબંધિત હોવાના કારણે "કાફિર" અને "જિહાદ"ની પરિભાષા અને ઈસ્લામી માન્યતા વિશે પણ વિસ્તૃત ચર્ચા આપવામાં આવી છે. આશા છે કે ભ્રામકતાઓના નિવારણ અને સાચી માહિતી પૂરી પાડવામાં એનાથી સહાય મળશે.

***ફરીદ અહમદ રશીદ કાવી .***

*જામિઅહ ઉલૂમુલ કુર્આન*
*મુ.પો. જંબુસર, જી. ભરૂચ*
***faridkavi@yahoo.com***

## *જિહાદ સંબંધી આયતો*

જિહાદ સંબંધી આજ કાલ ઘણી જ ગેરસમજ ફેલાવવામાં આવી રહી છે. જાણે કે જિહાદનો અર્થ જ મુસ્લિમો સિવાય દરેકને મારો કાપો. જયારે કે વાસ્તવિકતા એનાથી સદંતર વિરુદ્ધ છે.

વિસ્તૃત ચર્ચા અંતમાં અમે આપી છે. અહિંયા આપણે એક એક કરીને તે આયતોને જોઈએ, જેમાં જિહાદની આજ્ઞા છે અને જેને દેશના મુટ્ટીભર કટ્ટરવાદીઓ ઉછાળી તેના ઉપર આપત્તિ દર્શાવી રહયા છે.

*(૧)*

*" અને જયારે પવિત્ર મહિનાઓ વીતી જાય, તો મુશ્રિકોને કતલ કરો જયાં પણ તમે એમને જુઓ. એમને પકડો, એમનો ઘેરાવ કરો અને દરેક જગાએ એમની તાકમાં બેસો. પછી જો તેઓ તોબા કરી લે, નમાઝ પઢે, ઝકાત આપે, તો એમનો રસ્તો છોડી દો. નિઃશંક અલ્લાહ ક્ષમા કરનાર, રહેમ કરનાર છે." (તવબહ : ૫)*

ઉપરોકત આયત મકકા પર ચઢાઈ (૯, હિજરી)પૂર્વે એ વિષયમાં જ અવતરી હતી. મુસલમાનો અને મકકાના શત્રુઓ વચ્ચે આ પૂર્વે ૬, હિજરીમાં સુલેહ–શાંતિ અને ૧૦ વરસ માટે યુદ્ધ ન કરવાના કરાર થઈ ચૂકયા હતા. આ વેળા માંહોમાંહે ઝઘડતા અન્ય બે કબીલાઓ પૈકી બનૂખુઝાઅહ મુસલમાનોને પક્ષે અને બનૂ બકર મકકાવાસીઓના પક્ષે થઈ આ કરારના ભાગીદાર બન્યા. ૧૬–૧૭ માસ સુધી તો મકકાના કુરેશીઓ આ કરારને અનુસર્યા; પરંતુ બીજા વરસે બનૂ બકરે મકકાવાસીઓની સહાયથી બનૂ ખુઝાઅહ ઉપર આક્રમણ કર્યું. મકકાવાસીઓએ કરાર વિરુદ્ધ આ આક્રમણમાં સ્વયં ભાગ લીધો, ઉપરાંત, શસ્ત્રો વડે સહાય પણ કરી. વીસ કે ત્રીસ માણસો એમના મારી નાખવામાં આવ્યા. મદીના ત્યાંથી ઘણું દૂર હતું. આપને જયારે ખબર પડી તો મુસલમાનોના પક્ષકાર બનૂ ખુઝાઅહનો બદલો લેવા અને કરારભંગની સજા દેવા અત્યંત છૂપી રીતે લડાઈની તૈયારી આરંભી અને અંતે હિજરી ૮ માં મકકા ઉપર ચઢાઈ કરી એને જીતી લીધું.

કહેવાનું તાત્પર્ય એ કે આ આયત મકકાના શાંતિભંગ અને કરારભંગ

કરનારા અત્યાચારીઓ અને હત્યારાઓ વિશે છે. દરેક મુશ્રિક–કાફિર માટે નથી. આ પછીની આગળની આયત એનો સ્પષ્ટ પુરાવો છે:

*" શું તમે એવા લોકોથી લડાઈ ન કરશો, જેઓ તેમની સંધિ તોડી ચૂકયા છે અને રસૂલને (મકકાથી) કાઢી મૂકવાના કાવતરાંઓ કરી ચૂકયા છે અને તેમણે જ તમારી વિરુદ્ધ પહેલ કરી છે."*

*(સૂરહ તવબહ : ૧૩)*

આપણે જોઈ શકીએ છીએ કે ઉપરોકત આયતમાં કોઈ રીતે પણ સામાન્ય પરિસ્થિતિમાં સામાન્ય નાગરિક સાથે લડાઈનો આદેશ નથી.

***(૨)***

*"તેમનાથી લડો, અલ્લાહ એમને તમારા હાથે સજા આપશે, અપમાનિત કરશે અને એમની વિરુદ્ધ તમારી સહાય કરશે અને મુસલમાનોના દિલ ઠંડા કરશે."* *(તવબહ : ૧૪)*

સૂરહ તવબહની જ આ આયત છે. એના પૂર્વેની આયત નંબર:૧૩ અમે ઉપર વર્ણવી ચૂકયા છે, કે એ કરાર ભંગ કરનારા અત્યાચારીઓ અને હત્યારાઓ વિશે હતી. આ આયતમાં પણ મુસલમાનો વડે એમને એમના કરારભંગની શિક્ષા આપવાનું વર્ણન છે. એક જ પ્રસંગ અને એક નકકી સમૂહ વિશે અવતરેલી એક જ અર્થની બે આયતોને અલગ કરી મુશ્રિકો–કાફિરોને મારવાના બે અલગ આદેશો, એમ દર્શાવવામાં કેટલું ઔચિત્ય અને સચ્ચાઈ છે, તે હવે સહુ કોઈ સમજી શકે છે.

આપણે ફરીથી યાદ કરી લઈએ કે આ સૂરહ 'તવબહ' મકકાની ચઢાઈ પૂર્વે અવતરી હતી અને મકકા પર ચઢાઈનું પ્રયોજન મકકાવાળાઓ તરફથી થયેલ કરારભંગ, રંજાડ અને હત્યાઓ જ હતી. માટે જ આ સૂરહમાં તેમના વિશે વિશેષ આદેશો દર્શાવવામાં આવ્યા છે. આપણા ટીકાકારને આ સૂરહની વધુ બે આયતો વિશે પણ આપત્તિ છે. વાસ્તવમાં જેમ ઉપર કહયું કે એક જ ઘટનાના એક પ્રકારના આદેશોને જુદા જુદા કરી ટીકાકારે પોતાની વિકૃત માનસિકતાનો પુરાવો આપ્યો છે, જેનો સ્પષ્ટ આશય એ છે કે આવી રીતે કુર્આન, ઈસ્લામ અને મુસલમાનો વિશે ખોટી ભ્રામકતા પ્રસરાવવામાં આવે.

***(૩)***

*"લડાઈ કરો. તમારી નિકટના કાફિરોથી અને જોઈએ કે*

*તમારામાં તેઓને સખતાઈ માલૂમ પડે." (તવબહ : ૧૨૩)*

સૂરહ તવબહની આ આયત ઉપર તો આક્ષેપ કોઈ કાળે ઉચિત નથી. તેમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને એમના અનુયાયીઓને સંબોધીને સ્પષ્ટ શબ્દોમાં એમની આજુબાજુ–નિકટના કાફિરોથી (જેઓ મુસલમાનોના શત્રુ હતા) લડવાનું કહેવામાં આવ્યું છે. વિશ્વના બધા જ કાફિરોથી લડવાનો આદેશ એમાં કયાંય નથી વળી વિશ્વના બધા જ કાફિરો મુસલમાનોના શત્રુ પણ નથી, કે તેમનાથી લડવાનો આદેશ હોય. એવું જ હોત તો "નિકટના કાફિરો"ની સ્પષ્ટતાની જરૂરત શી હતી?

મુસલમાનોની આજુબાજુમાં તે વેળા વસતા કાફિરો તે જ હતા, જેમની ગદ્દારી અને અત્યાચારોનું વર્ણન અમે ઉપર કરી ચૂકયા છીએ. જેમનો ત્રાસ અને રંજાડ મુસલમાનો માટે એટલાં અસહ્ય થઈ ગયાં હતાં કે ના છૂટકે વતન છોડી તેમણે હિજરત કરવી પડી. મકકાની તેમની સંપત્તિ તેઓ હડપ કરી ગયા. મદીનામાં સ્થાયી થયા તો ત્યાં પણ ચેન ન લેવા દેતા. એક વરસની અંદર તો બદરનું યુદ્ધ, ત્રીજા વરસે ઉહુદનું યુદ્ધ અને પાંચમા વરસે આખા અરબસ્તાનને ભેગું કરી મુસલમાનોને સદંતર નામશેષ કરવાના ઈરાદે મદીના પર ચડી આવ્યા. હિજરી સન ૬ માં શાંતિ કરાર થયા તો ૧૭ માસ બાદ તેને પણ તોડી નાખ્યા. ઉપરાંત, આ દરમિયાન અંદરખાને અને એકલ દોકલ હત્યાઓ અને જફાઓ તો લગાતાર ચાલૂ જ રહેતી. આવા શત્રુઓ કેવી રીતે સદ્‌વર્તન કે ક્ષમાને પાત્ર હોઈ શકે? કોણ કહેશે કે એમના માર્ગમાં પણ ફૂલોની સેજ બિછાવવામાં આવે?

રામાયણનો એક પ્રસંગ ટૂંકમાં જોઈએ..

કિષ્કિંધાનગરીના રાજા વાલીએ તેના ભાઈ સુગ્રીવને કાઢી મૂકયો. તેનું વેર લઈ રામચંદ્રજી વાલીનો વધ કરે છે. વાલી મરતાં મરતાં રામને કહે છેઃ " રામ તમે આ શું કર્યુ? મારું મુખ તમારી સામે ન હતું, હું સુગ્રીવ સાથે યુદ્ધ કરી રહયો હતો, ને તમે પીઠ પાછળ ઘા કર્યો. એથી શું તમને વીરોની કીર્તિ સંપાદન થશે? ... હું વાનર કુળનો હોવા છતાં મારામાં રાજાને યોગ્ય શમ, દમ, ક્ષમા, ધર્મ, ધૃતિ, પરાક્રમ અને અપરાધીને દંડ દેવા જેવા ગુણો છે..."

જવાબમાં રામ તેને કહે છે.." અત્યારે આ ભૂમિના ધર્મધર મહારાજા ભરત પાલનકર્તા છે. તે મહાત્માની નિશ્રામાં અમે તેમની નીતિરીતિનું પાલન કરીએ છીએ, અધર્મનું આચરણ કરનારા અને માર્ગભ્રષ્ટ થયેલાને

અમે તેમના વતી શિક્ષા પણ કરીએ છીએ... મેં તને માર્યો એનું કારણ એ છે કે તેં ધર્મના આદેશનું ઉલ્લંઘન કર્યું છે..." *(રામાયણ : ૪૩૩)*

મકકાના કાફિરો આડોડાઈ, રંજાડ, અધર્મના આચરણમાં વાલીથી કંઈ ગણા ચડિયાતા હતા. એમને શિક્ષાનો આદેશ અલ્લાહ તરફથી આપવામાં આવે તો ખોટું શું છે?

***(૪)***

*"નિઃશંક અલ્લાહે મોમિનોથી એમનાં પ્રાણ અને સંપત્તિ એમના માટે જન્નતના વળતરથી ખરીદી લીધાં છે. તેઓ અલ્લાહના માર્ગમાં લડે છે, મારે છે અને માર્યા જાય છે." (તવબહ : ૧૧૧)*

આ આયતમાં ધર્મની રક્ષા કાજ લડવાનું આહ્‌વાન અને પ્રેરણા છે. એના વળતરમાં અલ્લાહ તરફથી સ્વર્ગનો વાયદો કરવામાં આવ્યો છે. એમાં ખોટું શું છે? તે અમને સમજાતું નથી. શું દેશ કે વતનની રક્ષા કાજ પ્રાણની આહૃતિ – બલિદાન આપવું ઉચ્ચ કાર્ય નથી? ગીતામાં કૌરવો અને પાંડવોની જે યુદ્ધગાથા વર્ણવવામાં આવી છે, એમાં કૃષ્ણ અર્જુનને સલાહ આપતાં કહે છે તેઓ આ યુદ્ધને સત્ય–અસત્યનું યુદ્ધ સમજી કૌરવોનો પ્રતિકાર કરે અને અર્જુનને આ યુદ્ધમાં ભગવાનની સહાયનું વચન પણ આપે છે.

કુર્આનની આ શુભવાણી મુસલમાનોને પ્રેરણા આપે છે. અલ્લાહના માર્ગમાં પોતાના પ્યારા પ્રાણ અને સંપત્તિનો બલિ ચડાવવા જોમ અપાવે છે અને "અલ્લાહના માર્ગ"નો મતલબ સત્ય, ધર્મ, ન્યાયનો માર્ગ; એ બધા જ સમજે છે. તેનો અર્થ એ કે ભારતના હિંદુઓને મારો કે દંગાઓ કરો, ન વાસ્તવિક છે, ન કોઈ એ પ્રમાણે સ્વીકારે કે અનુસરે છે.

***(૫)***

*"તેઓ તો ઈચ્છે છે કે તમે પણ કુફ્ર કરો, જેમ તેઓ કુફ્ર કરે છે, જેથી તમે બધા સરખા થઈ જાઓ. માટે તમે એવા કોઈને મિત્ર ન બનાવશો, જયાં સુધી અલ્લાહના માર્ગમાં તેઓ હિજરત ન કરે અને જો તેમને આ માન્ય ન હોય તો, જયાં પણ જુઓ પકડો અને મારો અને એમનામાંથી કોઈને મિત્ર અને મદદગાર ન બનાવો."*

*(નિસાઅ : ૮૯)*

ઉપરોકત આયત સંબંધી અનેક મુફસ્સિરીન (કુર્આનના

ભાષ્યકારો)એ એક પ્રસંગ ટાંકયો છે કે મકકાના અમુક શત્રુઓએ મદીના આવી પોતાને મુસલમાન તરીકે પ્રસ્થાપિત કર્યા, પરંતુ થોડા દિવસ પછી ફરી ગયા અને વેપારનું બહાનું કરી મકકા નાસી ગયા અને પાછા ન આવ્યા. મદીનાના અમુક મુસલમાનો નિખાલસતાથી એમને મુસલમાન સમજતા હતા. ઉપરોકત આયત અને એની પૂર્વેની આયતમાં એમનું જ વર્ણન છે. આનાથી આગલી આયતમાં છે કે તમે આવા બે મોઢા વાળા લોકો વિશે બે ગ્રુપોમાં વહેંચાય ગયા. તમને શું થઈ ગયું છે? આ લોકો તો કાફિર જ છે અને જેમ તેઓ કાફિર છે, તમને પણ કાફિર બનાવવા ઈચ્છે છે.

આ ફરી જનારા પાછા મકકા નાસી ગયા હતા અને મકકાવાળાઓ સાથે એ ટાણે મુસલમાનો પહેલેથી જ યુદ્ધની પરિસ્થિતિમાં હતા, માટે આજ્ઞા ફરમાવવામાં આવી કે જયાં પણ મળી જાય એમને પકડો અને મારો.

ઉપરોકત આયતમાં દરેક કાફિરને મારવાનો આદેશ નથી; બલકે એના પછીની બીજી જ આયતમાં એવા કાફિરો જેમની જોડે સંધિ હોય કે જેઓ લડવા ન માંગતા હોય એમનાથી ન લડવાનો આદેશ છે.આપણે એ ૯૦ નંબરની આયત પણ જોઈ લઈએ:

*''પરંતુ જે લોકો એવા લોકોથી જઈ મળે, જેમના અને તમારા વચ્ચે કરાર હોય, અથવા તમારી પાસે એવી પરિસ્થિતિમાં આવે કે તેમનું અંતર – દિલ તમારાથી અને એમની કોમ(ના મુસલમાનોથી યુદ્ધની સ્થિતિ ધરાવતા લોકો)થી લડવામાં સંકોચ અનુભવતું હોય –અને અલ્લાહ ઈચ્છત તો એમને તમારા પર પ્રભાવી કરી દેત પછી તેઓ પણ તમારાથી લડત– માટે જો આવા લોકો તમારાથી અળગા રહે અને લડાઈ ન કરે અને તમારા પ્રત્યે શાંતિનો હાથ લંબાવે તો પછી અલ્લાહે તમારા માટે એમની વિરુદ્ધ કોઈ માર્ગ છોડયો નથી.* *(નિસાઅ : ૯૦)*

લ્યો ! દૂધ અને પાણી આ આયતે તો જુદા કરી દીધાં. ૮૯ નંબરની આયતમાં તો ફકત એવા લોકોથી લડાઈનો આદેશ છે, જેઓ પાછા ફરી શત્રુઓથી જઈ મળ્યા છે. જયારે પછીની ૯૦ નંબરની આયતમાં તો કાફિરોના અન્ય ત્રણ સમૂહોથી લડાઈ ન કરવાનો અલ્લાહનો સ્પષ્ટ આદેશ છે.(૧) એવા લોકો જેમનાથી મુસલમાનોના કરાર થયેલા છે. (૨)એવા લોકો જે મુસલમાનોથી સંધિ કરેલા કબીલાથી સંધિ ધરાવે છે. (૩) એવા

લોકો જે પોતાના કાફિર બંધુઓને સાથ આપી ન મુસલમાનોનાથી લડવા માગે છે, ન મુસલમાનોને સાથ આપી પોતાના કાફિર બંધુઓથી લડવા માગે છે. અર્થાત્ બંનેમાંથી એકેયના શત્રુ બનવા માગતા નથી; તો આ ત્રણે સમૂહો વિશે અલ્લાહનો આદેશ છે કે અલ્લાહે તમારા માટે એમની વિરુદ્ધ કોઈ માર્ગ છોડયો નથી.

**(૬)**

*''હે નબી !ઈમાનવાળાઓને લડાઈનો જુસ્સો અપાવો. જો તમારામાં વીસ અડગ યોદ્ધાઓ હશે, તો બસો ઉપર પ્રભાવી થઈ પડશે અને તમારામાં આવા સો હશે તો એક હજાર કુફ્ર કરનારાઓથી જીતી જશે. કેમ કે તેઓ નાસમજ લોકો છે.''*

*(અનફાલ : ૬૫)*

ઉપરોકત આયતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આજ્ઞા ફરમાવવામાં આવી છે કે મુસલમાનોને લડાઈ માટે ઉશ્કેરો, જોમ, જુસ્સો, હિમ્મત અને પ્રેરણા આપો.

આયત સંબંધી નીચેની વાતો ધ્યાનમાં લેવામાં આવે તો એમાં વાંધાજનક કોઈ વાત નથી.

આ આયતમાં નબીને સંબોધીને મુસલમાનોને જોમ અપાવવાનું કહેવામાં આવ્યું છે અને સ્પષ્ટ છે કે આ આદેશ પણ શત્રુઓ માટે જ છે.

આ આદેશ કેવા સંજોગોમાં આપવામાં આવ્યો, તે પણ જાણી લઈએ.

અમે ઉપર વર્ણન કરી ગયા છીએ કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મદીના હિજરતથી લઈ અવસાન સુધીના દસ વરસોમાં વધુ પડતો સમય મકકાના શત્રુઓ સાથે લડાઈમાં જ વીત્યો છે. હિજરી સનના છઠ્ઠા વરસે સંધિ થઈ તો દોઢ જ વરસમાં તેનો પણ ભંગ કર્યો. આવી પરિસ્થિતિમાં જયારે કે મુસલમાનો શત્રુ તરફથી સતત યુદ્ધના સંજોગોમાં હોય, મુસલમાનોને પોતાના રક્ષણ કાજ લડવા માટે જોમ–જુસ્સો અપાવવામાં આવે તો શું ખોટું છે? શું દેશ પર આવી પડનારા સંભવિત આક્રમણ માટે આપણે પહેલેથી જ યોદ્ધાઓ તૈયાર નથી રાખતા?

શત્રુઓ સાથે મુસલમાનોની પહેલી લડાઈ બદર નામના કૂવા પાસે થઈ હતી. બીજી લડાઈ ઉહુદ પહાડ પાસે થઈ. આ બન્ને સ્થળો મદીનાથી વધુ નિકટ છે, જે દર્શાવે છે કે આક્રમણખોરો મકકાવાસીઓ હતા,

મુસલમાનો નહિ. ત્રીજી વેળા (હિજરી સન પાંચમાં) તો મકકાવાળાઓ લગભગ આખા અરબસ્તાનની સહાય લઈ મદીનાને ઘેરો ઘાલે છે. ત્યાર બાદ હિજરી સન ૬માં તેમની જ શરતોને આધીન રહી સુલેહ કરી તો તેનો પણ તેઓ તરફથી જ ભંગ થયો. આવા સંજોગોમાં મુસલમાનોને પોતાની રક્ષા કાજ લડાઈની હિંમત અપાવવી અયોગ્ય જ નહિ, અતિ આવશ્યક હતી, એ હર કોઈ સમજી શકે છે.

અમને તો ટીકાકાર પરત્વે તાજુબ ઊપજે છે કે આ બધા મકકાના શત્રુઓથી લડવા સંબંધીના આદેશોને તેમણે પોતાના માટે કેમ સમજી લીધા છે?

વાસ્તવમાં ઉપરોકત આયતો અને એના આગળ–પાછળની આયતો બદરની લડાઈના સંદર્ભમાં અવતરી હતી. આ આયત પછી ૬૭ અને ૬૮ નંબરની આયતમાં સ્પષ્ટ રૂપે બદરના યુદ્ધ કેદીઓ વિશેના આદેશો છે અને ૬૯માં બદરની લડાઈમાં મળેલ શત્રુ સંપત્તિ વિશે માર્ગદર્શન છે. જયારે પૂર્વેની ૬૧ નંબરની આયત જોઈએ તો પછી કશું જ કહેવાનું નથી રહેતું. એમાં છે:

*"જો તેઓ સુલેહ માટે નમી પડે તો તમે પણ નમી પડો અને અલ્લાહ પર ભરોસો રાખો."* *(અનફાલઃ ૬૧)*

જો કાફિરો સાથે ફકત અને ફકત લડાઈ–માર–કાપની જ ઈસ્લામની તાલીમ હોત તો આ આયતમાં સુલેહની વાત શું દર્શાવે છે?

***(૭)***

*" ફિટકાર પડેલી સ્થિતિમાં, કે જયાં પણ મળી આવશે ત્યાં જ પકડવામાં આવશે અને જાનથી માર્યા જશે."(અહઝાબઃ ૬૧)*

પવિત્ર કુર્આનની આયતો એક બીજાથી અત્યંત સંકલિત અને સંબંધિત હોય છે. માટે કોઈ પણ આયતને એના પૂર્વાપર સંબંધથી વિખૂટી કરી જોવાથી કદાપિ મર્મ પામી શકાય નહિ. તફસીર (કુર્આન ભાષ્ય)ને લગતા વિષયો જેમ કે શબ્દાર્થ, વ્યાકરણ, અલંકાર વગેરેમાં એક મહત્ત્વનો વિષય આયતોના પૂર્વાનુબંધ અને ઉત્તરાનુબંધની જાણકારી છે. તે સિવાય કુર્આનના ભાષ્ય અને ભાવાર્થને પામવું અતિ મુશ્કેલ છે.

ઉપરોકત આયત પહેલાંની બે અને પછીની એક આયતનો અનુવાદ અત્રે રજૂ કરીએ છીએ, જેનાથી સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે, *ઈન્શાઅલ્લાહ.*

*"હે નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)!તમારી પત્નીઓ, પુત્રીઓ તથા મુસલમાનોની સ્ત્રીઓને કહી દો કે પોતાના મુખ ઉપર તેમની ચાદરોને લટકાવી દે.એમાં જલદીથી ઓળખાય જશે; તો તેણીઓને સતાવવામાં નહિ આવે અને અલ્લાહ મોટો બખ્શનાર, દયાળુ છે.*

*અલબત્ત, જો એ મુનાફિકો તથા દિલના રોગીઓ અને મદીનામાં જૂઠી ખબરો ઉડાડનારાઓ અટકશે નહિ તો જરૂર અમે આપને તેઓ પાછળ લગાડી દઈશું, પછી તેઓ આપની સાથે મદીનામાં માત્ર થોડા જ દિવસો રહેવા પામશે. તે પણ ફિટકાર પડેલી સ્થિતિમાં,કે જયાં પણ મળી આવશે ત્યાં જ પકડવામાં આવશે અને જાનથી માર્યા જશે.*

*જે (ફસાદી) લોકો પહેલા થઈ ચૂકયા છે, તેઓના વિશે પણ અલ્લાહનો એ જ નિયમ રહયો છે અને તમે અલ્લાહના એ નિયમોમાં ફેરબદલ ન જોશો." (અહઝાબઃ ૫૯, ૬૦, ૬૧, ૬૨)*

અત્યાર સુધી અપ્રાપ્ય કુર્આન શરીફનો ગુજરાતી અનુવાદ અને તફસીર, દારુલ ઉલૂમ ભરૂચ, કંથારીયા, ભરૂચના પ્રકાશન વિભાગથી હમણાં જ છપાયને આવ્યો છે. તેમાં આયતના વિવરણમાં જે કંઈ છે તે અત્રે ટૂંકમાં પ્રસ્તુત કરીએ છીએઃ

"હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમયમાં શહેરમાં જાજરૂ ન હોવાથી ખાનદાની સ્ત્રીઓને પણ વેળા–કવેળા રાતના અંધારામાં જંગલમાં જવું પડતું હતું. તો કેટલાક બદમાશ મુનાફિકો એવા તાકમાં લાગી રહેતા કે કદી કોઈ સ્ત્રીને આવતાં–જતાં જોઈ લેતા તો છેડછાડ કરતા. પછી જયારે તેઓ પકડાય જતા અને તે વિશે તેઓને કંઈ કહેવામાં આવતું તો કેહતા કે અમે તેણીને આબરૂદાર ઓરત સમજતા ન હતા, બલકે લોંડી–દાસી સમજીને છેડતી કરી હતી. તે ઉપરથી આ આયત ઊતરી કે આબરૂદાર સ્વતંત્ર સ્ત્રીઓએ જરૂરત વખતે બહાર નીકળવું પડે તો એક વધારાની ચાદરથી શરીર ઢાંકી ઘૂંઘટ તાણી નીકળે, જેથી ઓળખાય જાય કે શિયળવંતી ઓરત છે.

આગલી આયતમાં લોંડીઓના રક્ષણ માટે છેડતી કરનારાઓને સ્પષ્ટ ધમકી આપવામાં આવી કે જે લોકો વાસનાઓના ભોગી, રોગી,

બૂરી નિય્યતના હતા કે સ્ત્રીઓને છેડતા તથા જે મુનાફિકો અથવા યહૂદીઓ મુસલમાનોની અપકીર્તિની તથા શત્રુઓના બળની અને મુસ્લિમોની નિર્બળતાની જૂઠી ખબરો ઉડાવતા હતા, તેઓને ધમકી આપવામાં આવી કે જો હવે પછી તેઓ આવું કરશે તો થોડા દિવસોમાં જ મદીનાથી કાઢી મૂકવામાં આવશે, તે દરમિયાન જે અમુક દિવસો અહીં રહેશે, તે પણ તુચ્છતા અને ફિટકારની અવદશામાં રહેશે. ત્યાર પછી જે કોઈ નજરે પડશે, તેને પકડી કતલ કરવામાં આવશે."

*(૩/૧૦૮૬–૧૦૮૭)*

ખરું જોવામાં આવે તો ઉપરોકત આયતમાં મારવાનો આદેશ તો છે જ નહિ, બલકે ફકત ધમકી આપવામાં આવી છે. જયારે કે અપરાધીઓનો અપરાધ જોતાં તેમને જો સીધા જ મારવા કે મદીનામાંથી હાંકી કાઢવાનો આદેશ આપવામાં આવ્યો હોત તો તે પણ યથાસ્થાને હતું.

હવે કોઈ બતાવે કે ઉપરોકત આયતમાં કાફિરોને કતલ કરવાનો આદેશ કયાં છે? આને જ કહે છેઃ કહાં કી ઈંટ, કહાં કા રોળા, ભાનુમતીને કુંબા જોડા.

## *(૮)*

*"હે નબી ! કાફિરોથી અને મુનાફિકોથી જિહાદ કરો અને એમના ઉપર સખતાઈ કરો. એમનું ઠેકાણું જહન્નમ છે અને અત્યંત બૂરું ઠેકાણું છે."* *(તહરીમઃ ૯)*

અમે ઉપર વર્ણવી ચૂકયા છીએ કે ગેર મુસ્લિમો બધા જ મુસલમાનોના શત્રુ કદાપિ નથી. શત્રુ ફકત તેઓ જ છે, જેમની જોડે યુદ્ધની સ્થિતિ છે. તે સિવાય જેમની સાથે સુલેહના કરાર છે, જેઓ મુસલમાનો સાથે લડવા નથી ઈચ્છતા અથવા જેઓ મુસ્લિમ દેશના નાગરિક હોય, તો મુસલમાનોને આવા અન્યધર્મીઓ સાથે લડવાનો નહિ, તેમની સાથે સદ્‌વર્તન અને તેમની હિતેચ્છાનો આદેશ છે. ઉપરોકત આયતને પણ આ જ પૂર્વ ભૂમિમાં જોવી જરૂરી છે.

મુસલમાનોની બુનિયાદી માન્યતાઓમાંથી એક માન્યતા આ પણ છે કે મુહમ્મદ પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તે સમયે અસ્તિત્વ ધરાવતી અને પાછળથી સૃષ્ટિના અંત સુધી આવનારી સમગ્ર માનવજાત માટે પયગંબર–માર્ગદર્શક બનાવી મોકલવામાં આવ્યા છે અને એ આધારે

બધા જ મનુષ્યો (મુસલમાન–કાફિર) મુહમ્મદ પયગંબર સાહેબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઉમ્મત (કોમ) છે. ઈસ્લામવિદો અહિંયા જે વાત લખે છે, તે મહત્ત્વની છેઃ

ઉમ્મત(કોમ)ના બે પ્રકાર છેઃ(૧)ઉમ્મતે ઈજાબત,(૨)ઉમ્મતે દઅવત. અર્થાત્ કોમનો એક વર્ગ તે છે, જે મુહમ્મદ પયગંબર સાહેબને અનુસરી, તેમની વાત માન્ય રાખી ઈસ્લામ અંગીકાર કરી તેમના આદેશાનુસાર જીવન વિતાવે છે. આ વર્ગને ઉમ્મતે ઈજાબત કહેવામાં આવે છે. ઈજાબતનો અર્થ છેઃ સ્વીકારવું, જવાબ આપવો. બીજો વર્ગ તે છે, જેણે હજુ સુધી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશોને અપનાવ્યા નથી, તેમને અનુસરતો નથી. આ વર્ગને ઉમ્મતે દઅવત કહેવામાં આવે છે. દઅવતનો  અર્થ છેઃ આમત્રંણ. અર્થાત્ કોમનો આ તે વર્ગ છે, જેને હજુ આમત્રંણ આપતાં રહેવાનું છે કે તે પણ મુહમ્મદ પયગંબર સાહેબના આદેશોને અનુસરી વાસ્તવિક પૂજનીય ખુદા – અલ્લાહની આરાધના, ઉપાસના અને ઈબાદત કરે અને ખોટા, અવાસ્તવિક, અગણિત, અશકત મા'બૂદોને ત્યજી દે. ગેર મુસ્લિમોને શત્રુ સમજવાના બદલે હજુ અપેક્ષિત આમંત્રિતો ગણવાનો વિચાર અને માન્યતા સ્પષ્ટ કરે છે કે મૂળભૂત રીતે મુસલમાનો કાફિરોને શત્રુ ગણતા જ નથી. હા, બે પક્ષો વચ્ચે કોઈ કારણોસર જયારે લડાઈ છેડાય તો પછી જુદી વાત છે અને આવા ટાણે તો મુસલમાન કાફિરની જ શી વિશિષ્ટતા? બે સહધર્મી સગા ભાઈઓ પણ એક બીજાના શત્રુ ગણાય છે. પછી ધર્મ હોય કે સગાઈ હોય કે અન્ય સંબંધ; એ ગૌણ બની જાય છે.

મહાભારતનો એક પ્રસંગ જોઈએ.

‘‘કૌરવો અને પાંડવો બધા જ ભાઈ હતા. છતાં તેમના વચ્ચે શત્રુતા મંડાણી. સહધર્મી અને સગાઓ હોવા છતાં કુરુક્ષેત્રમાં તેઓ એક બીજાથી લડયા. આ જ લડાઈમાં કૃષ્ણ શુભવાણી ઉચ્ચારતાં યુદ્ધમાં માર્યા જવા પર અર્જુન માટે સ્વર્ગની ભવિષ્યવાણી ઉચ્ચારે છે. રણાંગણમાં એક એવો સમય પણ આવે છે કે જયારે બન્ને પક્ષે થનારી ખુવારીના વિચારથી અર્જુન મોહવશ થઈ લડાઈનો નન્નો ભણી દે છે. કૃષ્ણને સંબોધીને કહે છેઃ હે ભગવાન ! મારે જય–વિજય, રાજ–સુખ કંઈ જોઈતું નથી.  હે ગોવિંદ ! ભીષ્મપિતામહ અને ગુરૂ દ્રોણાચાર્ય પર બાણવર્ષા કરી એમનો

હું વધ કરું?? આવા રાજપાથ અને જીવનનો શો લાભ? આ સાંભળી કૃષ્ણ અર્જુનને યુદ્ધ માટે ઉશ્કેરતા કહે છેઃ હે અર્જુન! તું આજનું ધર્મયુદ્ધ નહિ કરીશ તો ધર્મ અને ખ્યાતિ તારા હાથમાંથી નીકળી જશે. તું અધર્મી થઈ જશે અને પાપાચારી કહેવાશે. હે અર્જુન ! તું આ યુદ્ધમાં માર્યો જઈશ તો સ્વર્ગ મેળવીશ. વિજયને વર્યો તો પૃથ્વી પર રાજ કરીશ.''

પોતાના જ સ્વજનોથી લડવામાં આવેલ આ લડાઈનો આશય ફકત રાજગાદી હતી, છતાં એને ધર્મયુદ્ધ કહેવામાં આવે છે. ન લડવાને અધર્મ અને લડતાં લડતાં માર્યા જનારને સ્વર્ગની શુભવાણી !

જયારે કે ઈસ્લામમાં કે કુર્આનમાં સત્તા મેળવવા માટે કયાંય લડાઈનો આદેશ નથી.

## *લડાઈ હિન્દુ ધર્મગ્રંથોમાં*

*''ઈશ્વર આદેશ આપે છે કે હે રાજ પુરુષો ! તમારા શસ્ત્રો શતધ્ની (તોપ) ભુશુંડી (બંદૂક) ધનુષ્ય–બાણ તલવાર વગેરે શત્રુઓને પરાજય આપવા અને રોકવા માટે પ્રશંસિત અને દઢ હો અને તમારી સેના પ્રશંસનીય થાય જેનાથી તમે સદા વિજયી થાઓ, પરંતુ જે નિંદિત અન્યાય રૂપ કામ કરે છે એને ઉપરોકત વસ્તુઓ પ્રાપ્ત ન થાજો.(મનુ સ્મૃતિ, મંડળઃ૧, સુકતઃ ૧૩૯, મંત્રઃ ૨)*

*'' સંગ્રામોમાં એક બીજાનું હરણ કરવાની ઈચ્છા કરી જે રાજાઓ તેમનું જેટલું સામર્થ્ય હોય ડર વિના પીઠ દેખાડયા વિના દર્શાવે છે, તેઓ સુખ પ્રાપ્ત કરે છે.'' (મનુ. ૭/ ૮૯)*

મનુ સ્મૃતિઃ૭ માંથી લડાઈના આદેશો અને તે વિષયક માર્ગદર્શનનું વિસ્તારપૂર્વક વર્ણન સત્યાર્થ પ્રકાશમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ કર્યું છે.

*(જુઓ પેજઃ ૧૩૪ થી ૧૭૧)*

એક જગાએ છેઃ

*'' જો સામે શતધ્ની (તોપ) અથવા ભુશુંડી (બંદૂક) છૂટી રહી હોય તો સર્પવ્યૂહ અપનાવે. અર્થાત્ સૂતા સૂતા આગળ વધે. જયારે તોપો સમીપ પહોંચે તો શત્રુને મારી અથવા પકડી તોપોનું મુખ શત્રુ તરફ કરી એ જ તોપો, બંદૂકોથી શત્રુઓને મારે અથવા વૃદ્ધ પુરુષોને તોપોના મુખ સામે ઘોડાઓ પર સવાર કરાવી દોડાવે અને મારે, વચ્ચે સારા યોદ્ધાઓ સવાર રહે. એક વાર*

*હલ્લો બોલી શત્રુ સેનાને છિન્ન ભિન્ન કરી પકડી લે અથવા નસાડી મૂકે.* *(મનુ. ૭/ ૧૯૧)*

આધુનિક વિશ્વના બધા જ દેશો સ્વીકારે છે કે પ્રાણ–સંપત્તિ આબરૂ અને સ્વબચાવ ખાતર લડવું માનવીનો બુનિયાદી અધિકાર છે; પરંતુ કોણ જાણે કેમ મુસલમાનો માટે આ અધિકાર સ્વીકારવામાં કંજૂસાઈ કરવામાં આવે છે.

## માલે ગનીમત – શત્રુ સંપત્તિ

**(૯)**

*"જે ગનીમતનો માલ તમે મેળવ્યો છે, તે હલાલ સારો સમજી ખાઓ અને અલ્લાહથી ડરો. નિઃશંક અલ્લાહ ક્ષમા કરનાર દયાળુ છે."(અન્ફાલ:૬૯)*

**(૧૦)**

*"અલ્લાહે તમારાથી ગનીમતમાં ઘણાં માલનો વાયદો કર્યો છે, જે તમે મેળવશો." (ફતહ: ૨૦)*

ઉપરોકત બન્ને આયતોમાં ગનીમતના માલ–સંપત્તિનો ઉલ્લેખ છે. ટીકાકારે અહિંયા એનો અર્થ "લૂંટનો માલ" દર્શાવી અતિશય ભૂંડી કુચેષ્ટા કરી છે. આ પણ ઈસ્લામ શત્રુઓના વિશાળ પ્રોપેગન્ડાનો એક ભાગ છે, જેના આધારે સત્યને જૂઠ દર્શાવી લોકોને ભ્રામકતામાં નાંખવાનો પ્રયત્ન કરવામાં આવી રહયો છે. લૂંટના અર્થ દ્વારા ટીકાકાર દર્શાવવા માંગે છે કે મુસલમાનો અન્યોના માલને લૂંટવાને અને ખાવા–હડપ કરવાને ઉચિત સમજે છે. આ કુર્આનનું શિક્ષણ છે. જયારે વાસ્તવમાં આ આયત દરેક કાફિર માટે બિલકુલ નથી. આ તો મુસલમાનો જોડે લડાઈ કરનાર લોકોના સંદર્ભમાં અવતરી હતી કે યુદ્ધના અંતે જો વિજય મળે અને શત્રુપક્ષનો માલ હાથ આવે તો શું કરવામાં આવે? તેનો ઉત્તર અને માર્ગદર્શન આ આયતમાં આપવામાં આવ્યું છે.

ગનીમતનો અર્થ થાય છેઃ મહેનત વગર મળનારો માલ. યુદ્ધમાં વિજય થતાં હાથ આવનાર માલ–સંપત્તિ પણ ખેતી વગેરેની અન્ય મહેનત–મજૂરી વિના મળે છે, માટે તેને ગનીમતનો માલ કહે છે. ગનીમતનો અર્થ 'લૂંટ' સદંતર ખોટો છે. લૂંટનો માલ તો ઈસ્લામમાં નાજાઈઝ અને હરામ છે. જે

માણસ આવા માલની આવક ધરાવતો હોય તો તેને ત્યાં ખાવા ખાવું પણ દુરુસ્ત નથી. લૂંટ–ધાડના ગુનાના બદલામાં હાથ–પગ કાપી નાખવાની સજા કુર્આનમાં સ્પષ્ટ રૂપે આપવામાં આવી છે.

યુદ્ધના અંતે મળનારી શત્રુપક્ષની સંપત્તિને તો આજે પણ દુનિયાનો દરેક દેશ મફત (ગનીમત)નો માલ સમજી તેનો કબજો મેળવે છે. આપણા દેશમાં પણ મોટા શહેરોના ચાર રસ્તાઓ પર અને મ્યુઝિયમોમાં અંગ્રજોની ટેંકો વગેરે પ્રદર્શન માટે મૂકેલા છે. એ ગનીમતનો જ માલ છે.

આ વી.એચ.પી., આર. એસ. એસ. અને જનસંઘ, મહાસભા વગેરે વાળાઓને શી ખબર? સ્વતંત્રતાના સંગ્રામમાં તો એમનો ભાગ હતો જ નહિ કે નહીંવત્ હતો, નહિ તો એમને ખબર હોત કે ઘણાં ક્રાંતિકારોએ બેંકો પણ લૂંટી હતી. અરે ! કાકોરી ટ્રેન લૂંટવાનો પ્રસંગ પણ બન્યો હતો. આમાં તો સીધી સંપત્તિ દેશવાસીઓની જ લૂંટાતી હતી.

ઈસ્લામ તો શત્રુઓની તે જ સંપત્તિ પર અધિકાર મેળવે છે, જે લડાઈના અંતે મુસલમાનોને મળે. જયાં સુલેહના કરાર હોય, જેમની સાથે લડાઈ ન હોય; એવા કાફિરોનો માલ કદાપિ ઈસ્લામમાં હલાલ નથી; બલકે લડાઈ દરમિયાન પણ ઝાડો ન કાપવા, ખેતી નષ્ટ ન કરવા, વૃદ્ધો, બાળાઓ, અબળા સ્ત્રીઓ, ગિરજા–મંદિર–મઠમાં ધાર્મિક ક્રિયાકાંડોમાં જ વ્યસ્ત રહેનારા અલગારી ધાર્મિકજનોને ન છેડવાનો સ્પષ્ટ આદેશ મુહમ્મદ પયગંબર સાહેબે આપ્યો છે.

પછી આ કેવી રીતે શકય છે કે ઈસ્લામ માનવબંધુઓના માલને લૂંટવા અને ખાવા–વાપરવાને હલાલ સમજતો હોય.

મનુસ્મૃતિમાં છેઃ

*"આ વ્યવસ્થા કદી ન તોડો કે લડાઈમાં જે સિપાઈ કે અફસર રથ, ઘોડા, હાથી, છત્ર, ધન–ધાન્ય, અન્ન, ગાય આદિ પશુ અને સ્ત્રીઓ તથા અન્ય પ્રકારના દ્રવ્યો અને ઘી, તેલ વગેરેના ડબ્બાઓ જે જીત્યા હોય તે જ એને ગ્રહણ કરે." (મનુ. ૭/૯૧)*

## *જિઝયા વેરો*

***(૧૧)***

*"અહલે કિતાબ (યહૂદીઓ–ઈસાઈઓ), જેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર (ખરી રીતે) ઈમાન રાખતા નથી અને*

*અલ્લાહે તથા તેના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જે કંઈ હરામ કર્યુ છે, તેને હરામ ગણતા નથી અને સત્ય ધર્મ (ઈસ્લામ)ને કબૂલ કરતા નથી, તેઓની સાથે એટલે સુધી લડો કે તેઓ તાબે થઈ જિઝયહ આપે. (તવબહઃ ૨૯)*

ઉપરોકત આયતમાં જેમની સાથે લડવાનો આદેશ છે, તે અમારી આગળની સ્પષ્ટતાઓ પ્રમાણે તે લોકો છે, જેમની સાથે સંધિ નથી. આવા લોકો સાથે તેઓ હારીને તાબેદારી સ્વીકારી લે ત્યાં સુધી લડવાનો આદેશ છે. પછી તેમને પોતાના રક્ષણમાં લઈ તેમનાથી જિઝયા વેરો વસૂલ કરવામાં આવે.

ઈસ્લામના આ આદેશ વિશે પણ ખાસો હોબાળો મચાવવામાં આવે છે. બુનિયાદી ટીકા એ છે કે અધર્મીઓ પાસેથી આ ટેકસ એટલા માટે વસૂલ કરવામાં આવે છે કે તેઓ મુસલમાન નથી અને ટેકસ દ્વારા એમને ઈસ્લામ સ્વીકારવા મજબૂર કરવામાં આવે છે. આ સદંતર ખોટું છે. વાસ્તવિકતા એ છે કે જિઝયો એ વિધર્મીઓનાં જાન–માલના રક્ષણના અવેજમાં લેવામાં આવે છે. અર્થાત્ એક ધાર્મિક સત્તા અન્ય ધર્મના લોકોને પોતાને ત્યાં તેમની અને તેમના ધર્મની રક્ષાની બાહેંધરી સાથે રહેવાની પરવાનગી આપે છે, ઉપરાંત, શત્રુઆક્રમણનો પ્રતિકાર અને દેશના રક્ષણ કાજ લડવું–મરવું આવા વિધર્મીઓ ઉપર અનિવાર્ય નથી હોતું. વધુમાં નાગરિક તરીકેના બધા જ અધિકારો તેમને આપવામાં આવે છે. આ બધાના અવેજમાં જિઝયા લેવામાં આવે છે. માટે જ વિધર્મી સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, અશકતો, બેરોજગારો અને ધાર્મિક પાદરીઓ, પંડિતો વગેરે ઉપર જિઝયા નથી, કારણ કે એમ પણ તેઓ દેશ રક્ષા કાજે લડવા સમર્થ નથી. બીજી તરફ દેશની રક્ષા અને શત્રુઓથી લડાઈ મુસલમાન માટે અનિવાર્ય હોવા છતાં તેનાથી ઝકાત અને સદકએ ફિત્ર વગેરે ફરજિયાત નાણાકીય ચૂકવણીઓ વસૂલવામાં આવે છે. જો આવી જ વસૂલી અન્યધર્મીઓ પાસેથી પણ કરવામાં આવે તો તેમના ઉપર ઈસ્લામના આદેશો થોપવા બરાબર ગણાય. માટે તેમના પ્રાણ–સંપત્તિના રક્ષણ અને શત્રુઓથી લડવાના અવેજમાં એમનાથી જિઝયો લેવામાં આવે છે. આ પ્રમાણેનો વેરો ઈસ્લામની ઉપજ ન હતી, ઈસ્લામ પૂર્વે ઈરાનમાં પણ સૈનિક સેવા ન બજાવતા લોકો પાસેથી આવો જ ટેકસ લેવામાં આવતો હતો.

આ જિઝયાની રકમ પણ અચરજની વસ્તુ છે. લોકો નવાઈ પામશે, કે સુખીસંપન્ન લોકોથી વાર્ષિક ૪૮ દિરહમ, મધ્યમવર્ગી પાસેથી ૨૪ દિરહમ અને ઓછી આવક વાળા પાસેથી ૧૨ દિરહમ અને ૧૨ દિરહમના આજના હિસાબે ૨૭૫ રૂપિયા થાય છે. અન્ય ધર્મીઓ (જે અત્યાર સુધી શત્રુ હતા, સામે લડતા હતા) પાસેથી તેમના રક્ષણ અને તેમને શત્રુઓ વિરુદ્ધ લડવા બાધ્ય ન કરવાના બદલામાં આટલી નાની રકમ!!! એનાથી વિપરીત મુસલમાનથી (શાસક ધર્મમાં શ્રદ્ધા અને શત્રુ પ્રતિકારની અનિવાર્યતા છતાં) વરસે આવકનો ચાલીસમો ભાગ અને રમઝાન માસના અંતે કુંટુંબની દરેક વ્યક્તિ તરફથી પોણા બે કિલો ઘઉ અથવા તેની કિંમત અવશ્ય આપવી પડે છે. ઉપરાંત, વ્યક્તિગત દાન–સખાવતની અન્ય માગણીઓ વધારાની.

દુનિયાની કોઈ પણ સરકાર આટલી ઓછી રકમના બદલામાં પોતાના નાગરિકોની રક્ષાની જવાબદારી લેતી હોય તો કોઈ પુરાવો રજૂ કરે. અરે, આપણા દેશમાં જ આવક વેરો, ઘરવેરો, સંપત્તિવેરો, ઉપરાંત, ખરીદ વેચાણની વસ્તુઓ પર વિવિધ વેરાઓ, મહેસૂલો અને લડાઈ થાય કે થવાની હોય તો ઉપરથી યુદ્ધ વેરો પણ વસૂલ કરવામાં આવે છે.

અત્રે અમે જિઝયા વિશે અમુક મહત્ત્વની બાબતો દર્શાવીએ છે, જેનાથી સ્પષ્ટ માલૂમ પડે છે કે જિઝયા શું છે? અને તેનો આશય શું છે?

❑ પારિભાષિક રીતે જિઝયા તે માલને કહેવામાં આવે છે, જે વિધર્મીઓનાં જાન–માલના રક્ષણના અવેજમાં લેવામાં આવે. *(નિહાયહ)*

❑ કુર્આનની ઉપરોકત આયતથી ત્રણ શરતોને આધીન રહીને જ જિઝયા વેરો લેવામાં આવશે. એક શરત પણ છૂટતી હશે તો જિઝયા લેવો અનુચિત છે. (૧) મુસલમાનોએ લડાઈ કરી આવા વિધર્મીઓને પરાસ્ત કર્યા હોય.(૨) આવા વિધર્મીઓ ઈસ્લામી સત્તાને આધીન રહેવા પર રાજી થઈ સંધિ કરી લે.(૩) આવા વિધર્મીઓને પ્રાણ–સંપત્તિના રક્ષણની બાહેંધણી આપવામાં આવે.

❑ હઝરત ઉમર (રદિ.)ના સત્તાકાળ દરમિયાન ઈસ્લામી સૈન્યે હિમ્સ (શામ)ના પ્રદેશથી પીછેહઠ કરી તો સેનાપતિ હઝ. અબૂ ઉબૈદહ (રદિ.)એ ત્યાંના રહેવાસી યહૂદીઓ–ઈસાઈઓને બોલાવી કેટલાયે લાખની રકમ એમ કહી પરત કરી દીધી કે હવે અમે તમારું રક્ષણ કરી

શકતા નથી, માટે તમારી રકમ તમને પરત કરીએ છીએ.

❑તેના ઉદ્દેશો વિવિધ દર્શાવવામાં આવે છે, જેમ કેઃ આવા વિધર્મીઓ એક ધાર્મિક દેશમાં રહેતા હોવા છતાં શાસક ધર્મ પાળતા નથી. જાન–માલના રક્ષણ અને અન્ય અધિકારોમાં સામાન્ય નાગરિકની જેમ સ્વતંત્રતા ભોગવે છે. તદુપરાંત દેશ (ઈસ્લામી સત્તા)ના રક્ષણ અને શત્રુ પ્રતિકારમાં તેઓની સહાય આવશ્યક નથી. આ બધાનો એક સરળ પર્યાય અલ્પમાત્રાના એક ટેકસમાં શોધવામાં આવ્યો.

❑જિઝયાવેરો વસૂલ કરવામાં વિધર્મીઓને શિક્ષા ન આપવામાં આવે. નરમી વર્તવામાં આવે. *(કિતાબુલ્ખિરાજ, ઈમામ અબૂયૂસુફ)*

❑એવો મજૂર જેની પાસે બાળ–બચ્ચાંઓનો ખર્ચ બાદ કરતાં કંઈ બચતું ન હોય, તેના પર જિઝયા નથી. *(અહકામુલ કુર્આન, ઈમામ જસ્સાસ રાઝી)*

❑હઝ. મુઆઝ (રદિ.) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમયકાળ દરમિયાન યમનપ્રદેશના ગર્વનર હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેમને સૂચના આપી કે યહૂદીઓ –ઈસાઈઓ ઉપર જિઝયા નાખી દેવામાં આવે, પરંતુ તેમને તેમનો ધર્મ છોડવા મજબૂર ન કરવામાં આવે.

❑ઉસ્માની સત્તાકાળ દરમિયાન સરહદી વિસ્તારોમાં રહેનારા અથવા યુદ્ધક્ષેત્રના નિકટ વસનારા કે યુદ્ધના કારણે બેઘર થનારાઓને વિશિષ્ટ છૂટછાટ આપવામાં આવતી હતી.

❑હઝ. ઉમર (રદિ.)એ જયારે એમના એક ગર્વનર સઈદ બિન આમિરથી જિઝયા વેરો મોડો પડવા વિશે પૃચ્છા કરી તો તેમણે જણાવ્યું કે અમે વિધર્મીઓને કષ્ટ ન પડે એટલા માટે પાક ઊતરતાં સુધી મહેલત આપીએ છીએ. આ જવાબથી હઝ. ઉમર (રદિ.)એ પ્રસન્ન થઈ કહયું કે જયાં સુધી હું જીવંત રહીશ , તને હોદ્દા પરથી હટાવીશ નહિ.

*(ઉર્દૂ એન્સાઈકલોપીડિયા ઓફ ઈસ્લામ, પંજાબ યુનિવર્સિટી.લાહોર ભાગઃ૭, ૨૩૯ થી ૨૪૮)*

## <u>*મુસલમાનોના શત્રુઓ*</u>

***(૧૨)***

*"નિઃસંદેહ, કાફિરો તમારા ખુલ્લા શત્રુ છે." (નિસાઅઃ ૧૦૧)*

***(૧૩)***

*" હે ઈમાનવાળાઓ ! તમે યહૂદીઓ અને ઈસાઈઓને મિત્ર બનાવો નહિ. તેઓ બધા આપસમાં એકબીજાના મિત્ર છે અને તમારામાંથી જે કોઈ એમને મિત્ર બનાવશે, તે પણ તેઓ માંહેનો જ છે. નિઃશંક અલ્લાહ અત્યાચારીઓને સન્માર્ગ નથી દેખાડતો.*

*( માઈદહઃ ૫૧)*

***(૧૪)***

*"હે ઈમાનવાળાઓ ! જે લોકોને તમારા પૂર્વે આકાશી ગ્રંથ આપવામાં આવ્યો છે, તેઓ તમારા ધર્મને મશ્કરી અને રમત ઠેરવે છે. તેઓને તેમજ કાફિરોને પોતાના મિત્ર ન બનાવો અને જો તમે ઈમાનવાળા હો તો અલ્લાહથી ડરો." ( માઈદહઃ ૫૭)*

***(૧૫)***

*" હે ઈમાનવાળાઓ ! તમે તમારા બાપ અને ભાઈઓને જો તેઓ ઈમાન કરતાં કુફ્રને વધુ પ્રિય ગણે તો મિત્ર બનાવો નહિ અને તમારામાંથી જે કોઈ તેઓની દોસ્તી રાખશે, તેઓ મોટા ગુનેગાર છે." (તવબહઃ ૨૩)*

**પ્રથમ આયત મકકાવાસીઓ સંબંધી છે, જેમનાથી તે કાળે સતત લડાઈ–ચઢાઈ અને આક્રમણનો ભય રહેતો અને એટલે જ એના પછીની આયતમાં 'સલાતુલ્ખવફ' (શત્રુ સામે હોય અને નમાઝની વેળા આવી જાય તો નમાઝ પઢવા)ની રીત દર્શાવવામાં આવી છે.**

**બીજી અને ત્રીજી આયતમાં યહૂદીઓ અને ઈસાઈઓથી મૈત્રી–દોસ્તી ન રાખવાનો આદેશ છે, કારણ કે વારંવારના કરારો અને વચનો છતાં તેઓ કદી કરારના બંધાણી ન રહેતા અને વચનભંગ કરતા. ઉપરાંત, પૂર્વ નબીઓ વિશે ઈસ્લામની નિર્મળ અને સ્પષ્ટ માન્યતાઓથી વિપરીત ગંદી અને અશોભનીય માન્યતાઓ ધરાવવાની સાથે તરેહ તરેહની કપોળ–કલ્પિત કથાઓ તેમની સાથે જોડતા હતા, જે વાસ્તવિકતાથી દૂર હોવાના કારણે કુર્આન એનો વિરોધ કરતું હતું અને તેઓ કુર્આનના વિરોધી હતા.**

**ચોથી આયતમાં મુસલમાનોને સંબોધીને કહેવામાં આવ્યું છે કે**

લોહીની સગાઈ કરતાં પણ ધર્મની સગાઈ પ્રથમ છે, માટે સગાં–વહાલાં, માં–બાપ પ્રત્યેનો પ્રેમ કયાંક તમને સન્માર્ગથી વિચલિત ન કરી દે અને ઈસ્લામ સ્વીકારમાં આવી લાગણીઓ આડે ન આવવી જોઈએ.

## કાફિરો સાથે સંબંધ, ઇસ્લામની ઉદારતા અને મર્યાદાઓ

ઉપરોકત આયતોમાં વિધર્મીઓ–કાફિરો, યહૂદીઓ, ઈસાઈઓ વગેરે સાથે દોસ્તી અને સંબંધ ન રાખવાનો આદેશ છે. તેમને મુસલમાનોના દુશ્મન ગણવામાં આવ્યા છે. આ વિશે પણ ટૂંકોને ટચ ખુલાસો એટલો જ કે અહિંયા તે જ કાફિરો વિષયક ચર્ચા છે, જેઓ મુસલમમાનોના શત્રુ છે. દરેક કાફિર ન તો મુસલમાનોનો શત્રુ છે અને ન ઈસ્લામ એવું સમજે છે. આગળના પૃષ્ઠોમાં આ વાત સવિસ્તર આવી ચૂકી છે.

પરંતુ કુર્આનને ન સમજનારા અથવા ઈરાદાપૂર્વક ભ્રામકતા પ્રસરાવનારા આવી આયતોનો અર્થ એવો કાઢે છે કે આ આયતોમાં અન્યો સાથે સદંતર સંબંધોનો નિષેધ છે. ઘણા ખરા મુસલમાનો પણ આવી આયતોનો આ જ મતલબ સમજે છે. જયારે કે આ તદ્દન અવાસ્તવિક છે. કુર્આનમાં તો અલ્લાહ કહે છેઃ "અમે આદમપુત્રને સન્માનિત કર્યો છે." *(ઈસરાઅઃ૭૦)* અર્થાત્ આદમપુત્ર (માનવી) હોવાના સંબંધે હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ દરેકને અમે માનવીય સન્માન અને સજ્જનતાથી ગૌરવવંત કર્યો છે અને આ આધારે બધા જ મનુષ્યો અલ્લાહ સમક્ષ સમાન છે. હદીસમાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન છેઃ "સમસ્ત સૃષ્ટિ અલ્લાહનું કુંટુંબ છે." બધા જ એક ઘરના સભ્યોની જેમ છે. (હા, આજ્ઞાપાલન, ફરજનિષ્ઠા અને અન્ય જવાબદારીઓમાં જે જેટલો આગળ હશે, તેટલો જ તે અલ્લાહ – પ્રભુની વધુ નિકટ હશે, એ સ્પષ્ટ છે.)

જયારે માનવીય સન્માન અલ્લાહનું જ અર્પેલ અને કુર્આનનો જ આદેશ છે, તો અલ્લાહ કે કુર્આનનો આદેશ એવો હોઈ શકે જ નહિ કે કોઈ પણ કારણ વિના માનવમાત્રથી વેર–ઝેર કે શત્રુતા રાખવામાં આવે, કારણ કે આ સ્વયં કુર્આન અને ઈસ્લામે અર્પેલ સન્માનથી વિપરીત છે.

પરંતુ જેમ પાંડવોએ તેમના જ પિત્રાઈઓ, કાકાઓ વગેરે કૌરવોથી એમના અધર્મના લઈ યુદ્ધે ચડવું પડયું હતું, તેવી જ પરિસ્થિતિ અન્યો માટે પણ નિમિત્ત બની શકે છે. કુર્આનમાં આપવામાં આવેલ યુદ્ધના આદેશો,

કાફિરો–યહૂદીઓ–શત્રુઓને મારવાની આજ્ઞાઓ, દોસ્તી અને આત્મીયતાનો નિષેધ, વગેરેને આ જ સંદર્ભમાં જોવામાં આવે તો ઘણી શંકાઓનું નિવારણ થઈ જાય. કુર્આનના આ આદેશોમાં અને પયગંબર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જીવનસરણીમાં આ જ મહત્ત્વનું માર્ગદર્શન છે કે જયારે જયારે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે શું કરવામાં આવે.

દુનિયાનો દરેક દેશ અને દરેક જાતિ–જ્ઞાતિ–કોમ–સમાજ શત્રુઓ સાથે પોતાના પક્ષકારના સંબંધોને નકારે છે. ઉદરાહરણ તરીકે ૧૧ સપ્ટેમ્બરના આક્રમણ પછી ઉસામા બિન લાદેન કે અલ કાયેદા સાથે સંબંધોના અણસાર સુદ્ધાં ગુનો ગણવામાં આવે છે. અમેરિકા અને આપણા ભારત સહિતના એના મિત્રોને તો માનવતા આધારિત સબંધ પણ સ્વીકાર્ય નથી. કુર્આન અને ઈસ્લામમાં આવો આદેશ કયાંય નથી. કુર્આનમાં તો છેઃ

*''જે લોકો તમારી સાથે ધર્મ સંબંધી લડયા નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢયા પણ નથી, અલ્લાહ તમને તેઓ સાથે સદ્‌વર્તન કરવા અને ન્યાયથી વર્તવાથી રોકતા નથી.... અલ્લાહ તો તમને માત્ર તે લોકો સાથે મિત્રાચારી કરવાથી રોકે છે, જેઓ તમારી સાથે ધર્મ સંબંધી લડયા અને તમને તમારા ઘરબારથી કાઢી મૂકયા તેમજ તમને કાઢી મૂકવામાં સહાય કરી અને જે કોઈ તેવાઓથી મિત્રતા રાખે તો તે લોકો જ ગુનેગાર છે.''* *(મુમ્તહિનહઃ ૮–૯)*

એટલે કે તમારાથી ન લડનાર, તમારી વિરુદ્ધ ષડયંત્રમાં ભાગ ન લેનારાઓ સાથે ભલાઈ અને સદ્‌વર્તન રાખી જગતને બતાવી આપો કે ઈસ્લામી નૈતિકતા સર્વોપરી છે. ઈસ્લામનું શિક્ષણ એવું નથી કે કાફિરોનો એક વર્ગ મુસલમાનોથી લડતો હોય તો સઘળા જ કાફિરોને એક સરખા ગણી લઈ સૌથી બદલો લેવો... માટે સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, યુવકો તેમજ શત્રુઓ, મિત્રોમાં તેમની સ્થિતિ અનુસાર તફાવત રહેવો જોઈએ.

*(કુર્આન મજીદ ગુજરાતી તરજૂમો અને તફસીરઃ૩/૧૩૯૮)*

ઉપરોકત આયતના વિવરણમાં તફસીરે મઝહરીમાં છે કે ''યુદ્ધમાં પ્રવૃત કાફિર સાથે પણ ન્યાય અને સદાચાર અનિવાર્ય છે. નિષેધ ફકત આત્મીય સંબંધનો છે. સદાચાર અને ઉપકાર મના નથી.....હા, એટલું જરૂરી છે કે તેનાથી મુસલમાનોને હાનિ ન પહોંચે.''

*(મઆરિફુલ કુર્આન,મુમ્તહિનહઃ ૮–૯)*

અન્ય એક જગાએ કુર્આનમાં છેઃ

*''કોઈનોય દ્વેષ તમને એવી રીતે તો ઉત્તેજિત ન કરે કે તમે ન્યાય કરી ન શકો. ન્યાય કરો, એ જ ધર્મપરાયણતાથી અધિક નિકટ છે.'' (માઈદહઃ૮)*

ટીકાકારે વર્ણવેલ આયતોના જ સંદર્ભમાં કુર્આનના ભાષ્યકાર ઉલમા વરસો પહેલાં લખી ચૂકયા છે કે માનવીય સંબંધોના ચાર મહત્ત્વના પ્રકારોમાંથી ઉપરોકત આયતોમાં ફકત એકના જ નિષેધરૂપ હોવાનું વર્ણન છે. બાકી ત્રણ પ્રકારે સંબંધો વર્જિત નથી, બલકે આવશ્યક અપેક્ષિત અને સ્વીકાર્ય છે.આ ચાર પ્રકાર નીચે પ્રમાણે છેઃ

(૧) મુવાલાત, એટલે કે એવો આત્મીય સંબંધ, જેમાં આપણા ભેદો પણ શત્રુ સામે છતા કરી દેવામાં આવે, કોઈ મુસલમાન તેમનાથી સલાહ – મશવેરો લઈ એ જ પ્રમાણે વર્તે, જેના લઈ ધાર્મિક ઓળખ અને મર્યાદાઓમાં બાધ ઉત્પન્ન થાય. મૂલ્યોનો હ્રાસ થાય. પરંપરાઓ અને સંસ્કૃતિને હાનિ પહોંચે અને ધર્મ કે ધર્મીઓના અસ્તિત્વ માટે ખતરારૂપ બને. સંબંધોનો આ પ્રકાર ઈસ્લામને સ્વીકાર્ય નથી.

મારા મતે તો આમાં પણ અજુગતી કે ટીકાપાત્ર કોઈ વાત નથી. અન્યો સાથે એવા સંબંધો જે આપણને હાનિ પહોંચાડે, તેને એક નાનકડા કુંટુંબથી લઈ સમાજ, ધર્મ કે દેશ; બધા જ અયોગ્ય સમજે છે. દરેકે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવા આગવી ઓળખ જાળવવી પણ આવશ્યક છે. આવી ઓળખ જ તેની સૌથી મોટી રક્ષક છે, એ બધા જ સમજે છે. ગીતાના કથન 'સ્વધર્મે નિધનમ શ્રેયહઃ પરધર્મો ભયાવહ' (પોતાના–સ્વધર્મમાં મૃત્યુ સારું પણ પારકાનો ધર્મ ભયપ્રેરિત છે)નો પણ આ જ મતલબ છે ને!

(૨)મુવાસાત. એટલે કે નિરાધારને સહાય, હિતેચ્છા, ન્યાય, દુઃખ–દર્દ અને ખુશી–ઉમંગમાં સહભાગી થવું વગેરે

(૩)મુદારાત. એટલે કે બાહ્ય સભ્યતા, શિષ્ટાચાર, મિત્રાચાર, સદાચાર, સદવાણી, સદ્વર્તન અને સત્કૃતિ આધારિત વર્તન.

(૪)મુઆમલાત. એટલે કે વેપાર, નોકરી, ધંધો, કારીગરી, ભાડા, ઉધાર અને લેન–દેન વગેરેને લગતા સંર્પકો.

આ ત્રણે પ્રકારના સંબંધો દરેક સાથે હોઈ શકે છે અને ઈસ્લામને કે

કુર્આનને એના પરત્વે કોઈ આપત્તિ નથી. જેમ કે ઉપર બે આયતોના સંદર્ભમાં અમે જણાવી ચૂકયા છીએ. હઝ. મુહમ્મદ પયગંબર સાહેબના જીવનમાં એના અનેક ઉદાહરણો છે,

❑મકકામાં દુકાળ પડયો, તો જે શત્રુઓએ આપને મકકાથી નીકળવા મજબૂર કર્યા હતા, આપના માથાની કિંમત નકકી કરી હતી, તેમના માટે સહાય મોકલાવી. ❑મકકા પર વિજય મળ્યો અને કટ્ટર વેરીઓ હાથમાં આવ્યા તો જાહેર ક્ષમાની ઘોષણા કરી દીધી. ❑શત્રુ કેદીઓ સાથે પુત્રો સરીખો વર્તાવ કર્યો. ❑બનૂ સકીફનું એક પ્રતિનિધિમંડળ સેવામાં પધાર્યુ, તો મસ્જિદ જેવા પવિત્ર સ્થળે ઉતારો આપ્યો. ❑ઉમૈર બિન વહબ અને દઅસૂર જેવા ઘણાએ આપની હત્યાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને ક્ષમા આપી દીધી. ❑નજરાનના લોકો મદીના આવ્યા તો તેમને મસ્જિદ જેવા પવિત્ર સ્થળે ઉતારો આપ્યો, એમની પ્રથા પ્રમાણે નમાઝ પણ પઢવા દીધી. ❑એક વાર એક કાફિર આપને ત્યાં અતિથિ બની આવ્યો, આપે પરોણાગતિ કરતાં એક બકરીનું દૂધ દોહી તેની સેવામાં ધર્યુ, તે પી ગયો. આપે બીજી બકરી દોહી, તે પણ પી ગયો. આમ, લગાતાર સાત બકરીઓનું દૂધ આપે તેને પિવડાવી દીધું. ❑મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયની શત્રુતા અને ઈસ્લામ વિરુદ્ધ તેના પ્રંપચો અને કાવતરાંઓનો લાંબો ઈતિહાસ છે, મરણ ટાણે આપે એના જનાઝાની નમાઝ પણ પઢાવી અને કફન માટે પોતાનું પહેરણ પણ આપ્યું.

અન્યો સાથેના પારસ્પરિક સંબંધો તો એટલા વિશાળ અને ખુલ્લા હતા કે ❑મરણ ટાણે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું બખ્તર એક યહૂદી પાસે કરજના બદલામાં ગીરવે હતું. ❑હુનૈનની લડાઈ ટાણે સફવાન નામી એક યહૂદી પાસેથી ૪૦ બખ્તરો ઉછીના લીધાં, તેણે પૂછયુંઃ હે મુહમ્મદ! છીનવીને અનધિકૃત રીતે માંગો છો? આપે કહયું ના ફકત ઉછીના, જો કોઈ ઓછું નીકળશે તો તેનો બદલો વાળીશું, તેણે ૪૦ બખ્તરો આપ્યાં. પરત ટાણે અમુક બખ્તરો ઓછાં હતાં, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનું વળતર આપવા ઈચ્છયું તો એણે એમ કહી નન્નો ભણી દીધો કે હવે તો હું પણ મુસલમાન છું. ❑શામ દેશના એક માલદારે આપને એક ખચ્ચર ભેટ આપ્યું હતું અને આપે સહર્ષ સ્વીકાર્યુ હતું. ❑રૂમી મહારાજાએ પણ આપને રેશમનો અત્યંત કિંમતી કોટ ભેટ રૂપે અર્પણ કર્યો. ❑યમનના

રાજાએ કિંમતી કપડાંની એક જોડ આપની સેવામાં ભેટ ધરી. આપે પણ તેને ભેટમાં કિંમતી જોડ મોકલાવી. વગેરે...

મુસલમાનોએ કાફિરો જોડે દાખવેલા સદ્‌વર્તન અને સમાન વ્યવહારનું જ પરિણામ હતું કે ઈસ્લામી સત્તા હેઠળ રેહતા ઈસાઈઓએ કદી મુસલમાનો વિરુદ્ધ દ્રોહ–બગાવત કરી નથી. હઝ. અલી (રદિ.) અને હઝ. મુઆવિયહ (રદિ.)ના આંતરિક વિખવાદ વેળા અને છેક ક્રુસેડના નામથી વિખ્યાત યુદ્ધોમાં, જયારે પણ ઈસાઈ રાજાઓ કે પોપ દ્વારા તેમને દ્રોહ–બગાવત માટે ઉશ્કેરવામાં આવતા તો તેમનો જવાબ રહેતો કે વિધર્મી (મુસલમાન) શાસકો અમારા માટે સહધર્મી શાસકો કરતાં વધુ સારા છે.

*(ખૂત્બાતે બહાવલપૂર, ડો. હમીદુલ્લાહ)*

મઆરિફુલ કુર્આનના કર્તા હઝ. મુફતી શફીઅ સાહેબ (રહ.) લખે છેઃ કુર્આને શત્રુઓ અને કાફિરોથી આત્મીય સંબંધોના નિષેધ વિશે આટલા કડક આદેશો આપ્યા છે, એનું એક ખાસ કારણ છે. માનવીનું અસ્તિત્વ અન્ય પ્રાણીઓ કે વનવગડાના ઘાસચારા સમાન નથી કે ઉત્પત્તિ, ઉન્નતિ, અવનતિ અને ખેલ ખલાસ! બલકે માનવીનું જીવન ઉદ્દેશ્યપૂર્ણ છે. ખાન–પાન, ઊંઘ અને જાગૃકતા, જીવન અને મરણ, બધું જ એક ધ્યેય અને ઉદ્દેશ્યને આધીન છે. માટે ઉદ્દેશ્યને અનુસાર છે ત્યાં સુધી તો બરાબર છે, પરંતુ જયાં એ પગદંડીથી વિચલિત થયા, બધું જ બેકાર. માનવીના આ ધ્યેયને માનવીના જ શબ્દમાં કુર્આને આ પ્રમાણે વર્ણવ્યું છેઃ

*"તમે કહી દો કે મારી નમાઝ, કુરબાની, મારું જીવન અને મરણ બધું જ સૃષ્ટિઓના સર્જનહાર અલ્લાહ માટે છે."(અન્આમઃ૧૬૨)*

આ આધારે જયારે માનવજીવનનું મુખ્ય દયેય અલ્લાહની ઈબાદત–ઉપાસના નકકી ઠર્યું, તો પછી હવે જીવનના બધા જ કાર્યો, કર્મો, રાજ– કાજ અને કોટુંબિક–આંતરિક બધા જ સંબંધો એને આધીન બની ગયા અને જે પણ આ ઉદ્દેશ્ય અને આધીનતાની વિરુદ્ધ હોય, તે માનવીનો શત્રુ ગણાશે. આ શત્રુતામાં શયતાન બધાથી આગળ છે, માટે સર્વપ્રથમ એને જ મોટો શત્રુ ગણી કુર્આનમાં કહેવામાં આવ્યું છેઃ

*" શૈતાન તમારો શત્રુ છે, એની શત્રુતાને સદા યાદ રાખજો. "*

*(ફાતિરઃ૬)*

આ જ પ્રમાણે જે માણસો પણ શયતાનનું અનુસરણ કરી અલ્લાહ

અને તેના પયગંબરોએ દર્શાવેલ ઈશ્વરીય આદેશોનું ઉલ્લંઘન કરતા હોય તેમની જોડે આત્મીય સંબંધો અને મૈત્રી કેવી રીતે શકય બને?

*(આલિ ઈમરાનઃ ૨૮, મઆરિફુલ કુર્આન)*

## એક મજાની વાત

માતૃભુમિ ભારતની સ્વતંત્રતા કાજે દેશની બધી જ કોમોએ નિષ્ઠા–પૂર્વક બલિદાનો આપ્યાં છે. મુસલમાનો પણ એમાં પાછળ ન હતા. આફ્રિકાથી ભારત પધારી ગાંધીજીએ અસહકાર આંદોલન ઉપાડયું. મુસ્લિમ ઉલમાએ આ વિશે ઉર્દૂમાં જે શબ્દ પ્રયોજયો, તે હતો **'તર્કે મુવાલાત'**. 'તર્ક' એટલે ત્યાગ અને 'મુવાલાત' એ જ ઉપર જણાવેલ સંબંધોનો પ્રથમ અને પ્રતિબંધિત પ્રકાર. અર્થાત્ વી–પક્ષ સાથેના એવા સંબંધો જેનાથી સ્વ–પક્ષને હાનિ પહોંચે. આ જ લક્ષ્યને કેન્દ્રમાં રાખી અસહકારની લડતમાં અંગ્રજો સાથે વેપાર સુદ્ધાં ત્યાગી દેવામાં આવ્યો હતો. કુર્આનના આદેશ અને ગાંધીજીની કાર્યપદ્ધતિમાં કેટલુ બધું સામ્ય!!!

એથી વધીને આશ્ચર્યની વાત, અસહકાર આંદોલન વેળા ઉલમા અને મોલવીઓ તરફથી કુર્આનના હવાલાઓ ટાંકી મુસલમાનોને તેમાં ભરપૂર ભાગ લેવાની અપીલ કરવા, અંગ્રેજોનો વિરોધ અને વતનની આઝાદીની લડાઈને જિહાદ પુરવાર કરવામાં આવી. આ જ ટાણે ઘણા લોકોએ ટીકાકારે રજૂ કરેલ આયત નંબર ૧૨ વગેરે રજૂ કરી મુસલમાનોને હિંદુઓ સાથે મળી ચળવળમાં ભાગ લેવા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને તેના જવાબમાં પણ ઉલમા તરફથી અમે ઉપર રજૂ કરેલ આયત મુમ્તહિનહઃ૮–૯ રજૂ કરી હિંદુઓ સાથે સહયોગ અને સદ્વર્તનની અપીલ કરવામાં આવતી હતી.

## શિર્ક કરનારાઓ નાપાક–અપવિત્ર છે.

*(૧૬)*

*" હે ઈમાનવાળાઓ ! શિર્ક કરનારાઓ નાપાક–અપવિત્ર છે. માટે હવેથી તેઓ મસ્જિદે હરામની નિકટ જાય નહિ. "(તવબહઃ૨૮)*

ઉપરોકત આયત સંબંધી ત્રણ પ્રકારે ચર્ચા કરવી યોગ્ય ગણાશે.

❑❑શિર્ક કરનાર એટલે કોણ?

❑❑અપવિત્ર–નાપાક એટલે શું?

❑❑મસ્જિદે હરામ – કાબાના નિકટ નહિ થવાનો અર્થ ?

❑ઉપરોકત આયતમાં શિર્ક કરનારાઓ એટલે ફકત મુર્તિપૂજકો નહિ, બલકે આ આયત અને આદેશ દરેક તે માણસને આવરી લે છે, જે શિર્ક કરતો હોય. શિર્ક એટલે ભાગીદાર બનાવવું, અનન્યનિષ્ઠ ન હોવું. અલ્લાહની સર્વસત્તામાં તેના સિવાય અન્યોને ભાગીદાર, સહયોગી, સહકર્મી ગણવું. આમ મુશિરક–શિર્ક કરનારનો અર્થ મુર્તિપૂજકો સુધી સિમિત નથી, બલકે તેના પરિઘમાં ઈસાઈઓ, યહૂદીઓ, પારસીઓ ઈત્યાદિ પણ આવી જાય છે, જેઓ ઉપર પ્રમાણે ઈશ્વરની સત્તામાં અન્ય વસ્તુઓ, વ્યકિતઓ, દેવ–દેવીઓ વગેરેને ભાગીદાર ગણે છે. (માટે પત્રિકામાં મુશ્રિકનો અર્થ ફકત મુર્તિપૂજક કરવો યથાસ્થાને નથી.)

❑અપવિત્ર–નાપાક હોવાનો અર્થ છેઃ અંતરનું અપવિત્ર હોવું, ભ્રષ્ટ હોવું. એક અલ્લાહની ઈબાદત છોડી તેના સિવાયની કે તેની જોડે અન્યોની ઈબાદત કરવી ઘણું જ અપવિત્ર કામ છે. કુર્આન અને ઈસ્લામને આવું કૃત્ય કોઈ કાળે સ્વીકાર્ય નથી, માટે જ કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે અલ્લાહ પાસે બધા જ ગુનાઓ–પાપો ક્ષમ્ય છે, પરંતુ શિર્કનો ગુનો સદંતર અક્ષમ્ય છે. માટે જ શિર્કને અપવિત્ર કૃત્ય અને શિર્ક કરનારને નાપાક અર્થાત્ અપવિત્ર કહેવામાં આવ્યો છે. નાપાક કે અપવિત્ર હોવાનો અર્થ એ નથી કે તેમનું શરીર ગંદકીથી ખરડાયેલું છે અથવા સુવ્વર કે અન્ય ગંદકીઓની જેમ તેમના હાથ, પગ, હાડકાં, ચામડી કે આખું અસ્તિત્વ જ નાપાક છે.

ઉપરોકત આયતના અવરતણના થોડા સમય પછી મદીનામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે બનૂ સકીફના અમુક લોકો આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેમને મસ્જિદમાં ઉતારો આપ્યો. આ લોકો મુસલમાન ન હતા. આપના અનુયાયી સહાબાએ અરજ કરી કે આ બધા તો કાફિર – અપવિત્ર છે?! તો આપે ઉત્તર આપ્યો કે મસ્જિદની જમીન ઉપર એમની નાપાકી–અપવિત્રતાનો કોઈ અસર નથી પડતો.

*(મઆરિફુલ કુર્આન)*

❑એક અલ્લાહને ન માનવા અને અન્યોની ઈબાદત–ઉપાસના અપવિત્ર કામ છે, માટે આવા અપવિત્ર લોકોને હવે પછી મસ્જિદે હરામ–કાબામાં પ્રવેશવાની પરવાનગી નથી. અર્થાત્ હવે પછી મુસલમાન નહિ હોવાના કારણે તેમને હજની ઈબાદત (જે કાબા અને તેની આસપાસ થાય છે) કરવાની પરવાનગી નથી.

હવે સ્પષ્ટ થયું કે આયતમાં શું કહેવામાં આવ્યું છે અને તેને ખોટી રીતે રજૂ કરવા માટે કેવું છળ કરવામાં આવ્યું છે.

અત્રે હિન્દુ ધર્મગ્રંથોમાંથી એકેશ્વરવાદ અને મુર્તિપૂજાના ખંડન વિશેના આદેશો–શ્લોકો વગેરે આપીએ છીએ, જેથી વિદિત થાય કે ઈશ્વર કને અન્યોની ઉપાસના અક્ષમ્ય છે અને એવા અન્યોના ઉપાસક માણસના અપવિત્ર હોવાના આદેશમાં બધા જ ધર્મગ્રંથો સરખો મત ધરાવે છે.

"અજ એક જ પાત્" (ઋગ્વેદઃ ૭/૩૫/૧૩) "અકાયમ્" (યજુર્વેદઃ ૪૦/૫) ઈત્યાદિ વિશેષણોથી પરમેશ્વરને જન્મ મરણ અને શરીરધારણરહીત વેદોમાં કહેવામાં આવ્યું છે. *(સત્યાર્થ પ્રકાશ ૩૧૧)*

કનોપનિષદમાં છેઃ

"જે સર્વ જમીનમાં વ્યાપક છે, એ નિરાકાર પરમાત્માની પ્રતિમા પરિમાણ દશ્યમાન અથવા મુર્તિ નથી."

"જે મનથી મર્યાદા ગ્રહણ કરી મનમાં નથી આવતો, જે મનને જાણે છે, તે જ બહ્મને તું જાણ અને એની જ ઉપાસના કર અને જે એનાથી ભિન્ન જીવ છે, એની ઉપાસના બહ્મના સ્થાનમાં ન કર."

"જે આંખથી નથી જોઈ શકાતો અને જેનાથી બધી આંખો જુએ છે, એને જ તું બહ્મ જાણ અને એની જ ઉપાસના કર અને જે એનાથી ભિન્ન સુર્ય, વિદ્યૃત અને અગ્નિ વગેરે જડ પદાર્થો છે, એની ઉપાસના કર નહિ."

"કાનથી જે સાંભળી શકાતો નથી, જેનાથી કાન સાંભળે છે, એને જ તું બહ્મ જાણ અને એની જ ઉપાસના કર. એને એનાથી ભિન્ન શબ્દો વગેરેની ઉપાસના એના સ્થાને કર નહિ."

"....એનાથી ભિન્ન જે વાયુ છે, એની ઉપાસના ન કર."

*(કેનોપનિષદ, સામવેદ, તલવકાર, ખંડઃર, મંત્ર ૧–૫)*

"ઈશ્વર એક જ એવું અસ્તિત્વ છે, જેની કોઈ તસ્વીર કે મુર્તિ નથી, તે સ્વામી અને અનંત ગુણધારી છે." *(યજુર્વેદઃ અધ્યાયઃ૩૮, મંત્રઃ૩)*

હવે એક ઈશ્વર સિવાય અન્યને પૂજવા–ભજવા–ઉપાસવાનો નિષેધ જોઈએઃ–

"જે મનુષ્યો અસત્યના માર્ગે ચાલી દેવી દેવતા અવતાર ઈત્યાદિને ઈશ્વરની સંગાથે ગણી તેમને પૂજે છે, તેઓ અજ્ઞાનના વિશાળ અંધારામાં

ડૂબી જાય છે." *(યજુર્વેદઃ અધ્યાયઃ૪૦, મંત્રઃ૯)*

"જેઓ અસંભવિત–અનુત્પન્નની બ્રહ્મના સ્થાને ઉપાસના કરે છે, તેઓ અંધકાર અર્થાત્ અજ્ઞાન અને દુઃખસાગરમાં ડૂબી જાય છે અને જેઓ સંભવિત ઉત્પન્ન વસ્તુઓ –પૃથ્વી, પથ્થર, વૃક્ષો અને મનુષ્યો વગેરેની ઉપાસના બ્રહ્મના સ્થાને કરે છે, તેઓ એ અંધકારથી પણ વધુ અંધકાર અર્થાત્ મહામુર્ખ ચિરકાર ઘોર દુઃસ્વપ્ન રૂપ નર્કમાં પડી મહાકલેશ ભોગવે છે. " *(યજુર્વેદ, અધ્યાયઃ૪૦, મંત્રઃ ૪)*

આ કથનોમાં આપણે જોઈ શકીએ છે કે હિંદુ ધર્મગ્રંથોમાં એકેશ્વરની ઉપાસના અને અન્યને ઈશ્વર તરીકે પૂજવાને અધર્મ, નર્કમાં પડવાનું કારણ દર્શાવવામાં આવ્યું છે. આ જ કારણ છે, જેના લઈ ઈશ્વરાદિને પૂજનારને કુર્આનમાં અપવિત્ર–નાપાક કહેવામાં આવ્યા છે.

## કાફિરોને હિદાયત – પથદર્શન

### (૧૭)

*"અલ્લાહ કાફિરોને સીધો રસ્તો નથી દેખાડતો." (તવબહઃ૩૭)*

પુર્વાર્ધથી જોડી આયતનો અનુવાદ કરવામાં આવે તો અર્થ થશેઃ

*" અલ્લાહ આવા કાફિરોને સીધો રસ્તો નથી દેખાડતો."*

સવાલ એ છે કે આવા એટલે કેવા? એની સ્પષ્ટતા માટે ફકત આ જ આયતને પૂરી જોઈ લઈએ.

*" આ મહિનાઓ હટાવવાનું જે છે, તે કુફ્રના સમયમાં વધારેલી વાત છે, એનાથી કાફિરો ગુમરાહીમાં પડે છે. પવિત્ર માસને એક વરસ (ઝઘડવા સારુ) ઉચિત કરી દેતા. પછી બીજા વરસે નિષેધાધીન કરી દેતા, જેથી અલ્લાહે ઠરાવેલ (મહિનાઓની) ગણતરી બરાબર કરી લે. ફરી પાછા અલ્લાહના પવિત્ર ઠેરવેલને (ઝઘડવા સારુ) હલાલ કરી લેતા. તેમના આવા અપકૃત્યો તેમને સારા દેખાય છે. અલ્લાહ આવા કાફિરોને સીધો રસ્તો નથી દેખાડતો. (તવબહઃ ૩૭)*

વરસના બાર માસમાંથી ચાર માસ અરબવાસીઓમાં પૂર્વેથી પવિત્ર ચાલ્યા આવતા હતા. તેમાં લડાઈનો નિષેધ હતો. અરબસ્તાનમાં કોઈ સમર્થ રાજાની સત્તા ન હોવાથી તેઓ સમીપ આ વ્યવસ્થાનું મહત્ત્વ ઘણું હતું.

એના કારણે તેઓને વેપારાર્થે અને યાત્રા–જાત્રાનો પ્રવાસ સરળ, સુગમ અને રક્ષિત રહેતો. આ ચાર મહિનાઓ એટલે રજબ, ઝિલ્કઅદહ, ઝિલ્હજ, મહોર્રમ.

પરંતુ છેલ્લે લોકોની અજ્ઞાનતા, ભ્રષ્ટતા અને સ્વાર્થતાના કારણે પરિસ્થિતિ એવી ઉત્પન્ન થઈ કે જો કોઈ કબીલો પવિત્ર માસમાં લડાઈને પોતાના સ્વાર્થમાં લાભકારી સમજતો તો ક્રમ પરિવર્તન–ફેરફાર ઘોષિત કરી દેતો કે આ વરસે ઝિલ્કઅદહની જગાએ સફર અને સફરની જગાએ ઝિલ્કઅદહ રહેશે. કદી એક–બે માસ વધારી વરસ તેર, ચૌદ મહિનાઓનું કરી દેતા. આમ કરી ઘણાં શકિતશાળીઓ, અત્યાચારીઓ, ધૂતારાઓ અને શોષણખોરો પ્રજાજનોનું અહિત આચરતા. જેમ કે કોઈનાથી વાર્ષિક વ્યાજ લેવાનું ઠરાવ્યું હોય તો કદી વરસ દસ માસનું ઘોષિત કરી એક વરસનું વ્યાજ વસૂલ કરતા. કોઈને વરસ દહાડા માટે મજૂરીએ રાખ્યો અને વાર્ષિક મહેનતાણું નકકી કર્યું તો લાભ જોઈ વરસ તેર ચૌદ મહિનાઓનું કરી દેતા.

આવા સ્વાર્થી અને ભોળા પ્રજાજનોને છેતરનારા લોકો માટે કહેવામાં આવ્યું કે તેઓ આવું કૃત્ય સ્વેચ્છાએ, કૃત્યને અયોગ્ય, અહિતકારી અને પાપ ગણવા છતાં આચરે છે, માટે તેઓ કદી સન્માર્ગ પામતા નથી કે અલ્લાહ તેમને સન્માર્ગ ચીંધતો નથી.

સ્પષ્ટ થયું કે ઉપરોકત કથન કાફિરોના એક ખાસ વર્ગ માટે છે. દરેક માટે નથી જ. ઈસ્લામ અને કુર્આન તો ઈચ્છે કે બધા જ સન્માર્ગ પર આવી જાય. કુર્આને તો આરંભે જ ઘોષણા કરી છે કે " તે સૌ લોકો માટે સન્માર્ગ ચીંધનારું છે. *(બકરહ: ૨)*

જો આયતનો તે અર્થ હોત, જેવો અનર્થ ટીકાકારે કર્યો છે, તો પછી મુસલમાનોને કુર્આન–હદીસમાં ઠેર ઠેર અન્યોને સત્યધર્મ ઈસ્લામનું આમંત્રણ આપવાનો આદેશ ન હોત.

## ***ઈસાઈઓ માંહે શત્રુતા***

***(૧૮)***

*"અમે એમના વચ્ચે કયામત પર્યંત શત્રુતા અને વેર પ્રસરાવી દીધું. અલ્લાહ ઉતાવળે જ તેમને તેમના કર્મો દર્શાવી દેશે."*

*(માઈદહ: ૧૪)*

આ આયત પણ એક પૂરી આયતનો ટુકડો છે. પૂરી આયત આ

પ્રમાણે છેઃ

*''અને જેઓ કહે છે કે અમે ઈસાઈઓ છીએ, એમનાથી પણ અમે પતિજ્ઞા લીધી હતી, પરંતુ તેઓ ઉપદેશો–બોધવચનોનો મોટો ભાગ ભૂલી ગયા, જેથી અમે એમના વચ્ચે કયામત પર્યંત શત્રુતા અને વેર પ્રસરાવી દીધું. અલ્લાહ ઉતાવળે જ તેમને તેમના કર્મો દર્શાવી દેશે. (માઈદહઃ ૧૪)*

ઉપરોકત આયતમાં અલ્લાહ તરફથી ઈસાઈઓને આપવામાં આવેલ સજા–શિક્ષાનો ઉલ્લેખ છે, એટલે કે અલ્લાહે તેમના અંદરો અંદર વેર–શત્રુતા પ્રસરાવી દીધી. આયતમાં મુસલમાનો–હિન્દુઓ વચ્ચે શત્રુતા બાંધવાનો–પ્રસરાવવાનો ઉલ્લેખ–આદેશ નથી કે ટીકાકાર એને હિન્દુઓ–મુસલમાનો વચ્ચે અણબનાવ કે ઝઘડાનું નિમિત્ત ગણી શકે.

આ ઈસાઈઓથી અલ્લાહે સત્કર્મો, સદાચાર અને ધર્માચરણનું વચન લીધું હતું, પરંતુ જયારે તેમના નબીના અવકાશગમન પછી તેમણે ધર્મ પ્રમાણે વર્તવાનું છોડી દીધું, સદાચારને સ્થાને પાપાચાર, ન્યાયની જગાએ અન્યાય, નીતિ ન કરતાં અનીતિ કરવા તેઓ મંડી પડયા તો અલ્લાહે તેમના અંદરો અંદર કુસંપ, શત્રુતા, વેર–ઝેર પ્રસરાવી દીધું. કયામત સુધી આ શિક્ષાના દીર્ઘ હોવાની ભવિષ્યવાણી આપવામાં આવી છે અને તેનાથી મૂળ આશય લોકોને બોધ આપવો છે કે કયાંક તમે પણ આવી દુર્દશામાં ન સપડાય જાઓ, માટે તેમના જેવા આચરણથી બચો.

ઈસાઈઓની માંહોમાંહેની શત્રુતાના પુરાવાઓ અને તેના દુષ્પરિણામો અત્રે ન ગણાવતાં ફકત એટલું જ કહીશ કે પ્રથમ અને દ્વિતિય વિશ્વયુદ્ધ એમના આંતરિક કલેશનું જ પરિણામ હતું. બાહ્ય કારણ જે પણ હોય, છતાં જાણકારો જાણે સમજે છે કે એમના આંતરિક વિખવાદોએ આખા વિશ્વને કેટલી ક્ષતિ પહોંચાડી છે.

આ વિશે વધુ શું કહીએ, આજે અમે મુસલમાનો પણ અલ્લાહના આદેશોને ભુલવાના કારણે અંદરોઅંદરના વિખવાદોના શિકાર છીએ અને એના ભુંડા પરિણામો પણ ભોગવી રહયા છીએ.

કહેવાનું તાત્પર્ય એટલુ કે આયતમાં તો ઈસાઈઓના બે ગ્રુપો વચ્ચે શત્રુતાનો ઉલ્લેખ છે, હિન્દુ મુસલમાન વચ્ચે નહિ.

## કાફિરોને અલ્લાહનો અઝાબ – શિક્ષા

**(૧૯)**

''નિઃસંદેહ જે લોકોએ અમારા આદેશોની અવગણના કરી, અમે એમને નર્કમાં નાખી દઈશું. જયારે જયારે એમની ચામડીઓ પાકી જશે, ત્યારે અમે અન્ય ચામડી બદલી દઈશું, જેથી તેઓ અઝાબ–શિક્ષા પામતા રહે. નિઃસંદેહ અલ્લાહ શકિતમાન હિકમતવાળો છે.'' (નિસાઅઃ ૫૬)

**(૨૦)**

'' મુનાફિક પુરૂષો –સ્ત્રીઓ સંબંધી અલ્લાહનું વચન છે કે તેઓ નર્કની આગમાં જ રહેશે.'' આ જ એમને બસ છે અને અલ્લાહ એમને ધુતકારે છે અને એમના માટે સદાનો અઝાબ છે.''

(તવબહઃ ૬૮)

**(૨૧)**

'' નિઃશંક તમે અને અલ્લાહ સિવાય તમે જેને પૂજો છો, તે નર્કનું ઈંધણ છે અને તમે ત્યાં પહોંચશો.'' (અંબિયાઃ ૯૮)

**(૨૨)**

'' નિઃશંક અમે કુફ્ર કરનારાઓને કડક શિક્ષા ચખાડીશું અને એમને એમના કુકર્મોનું વળતર આપીશું.'' (હા મીમ સજદહઃ ૨૭)

**(૨૩)**

'' આ આગ અલ્લાહના શત્રુઓનું વળતર છે, એમાં એમનું સદાનું ઘર છે. અમારા આદેશોના ઉલ્લંઘનનો બદલો.''

(હા મીમ સજદહઃ ૨૮)

**(૨૪)**

'' એનાથી મોટો અત્યાચારી કોણ હશે, જેને એના રબની આયતો દ્વારા બોધ આપવામાં આવે છતાં તે તેનાથી મોઢું ફેરવી લે. નિઃસંદેહ આવા ગુનેગારોથી અમે બદલો વાળીશું. (સજદહઃ ૨૨)

ઉપરોકત આયતોમાં ઈસ્લામની આખિરતની માન્યતાના આધારે આખિરતમાં ઈસ્લામ પ્રમાણે ધર્માચરણ ન કરનારા અને અન્ય

ગુનેગારોને સજા–શિક્ષા આપવાનું વર્ણન છે.

હિન્દુઓમાં પણ સ્વર્ગ–નર્ક અને પુનર્જન્મની માન્યતા છે. એટલે કે વર્તમાન જન્મમાં માણસે કરેલા સત્કર્મો અને કુકર્મોનું ફળ એને આવતા જન્મે મળશે. કુકર્મોના ફળસ્વરૂપ આવતી વેળા તેનો જન્મ કોઈ ઉતરતી યોનિમાં થશે. જયારે સત્કર્મના ફળ સ્વરૂપ આવતા જન્મે તે કોઈ ઉચ્ચ યોનિમાં અવતરશે. આગળ આપણે આ વિશે શાસ્ત્રોના કથનો જોઈશું.

ઈસ્લામ–મુસલમાનોની માન્યતા છે કે માનવીને તેના કુકર્મોનું ફળ આપવા માટે અલ્લાહ એક ટાણે આ વિશ્વને તોડી–ફોડી કયામત લાવશે અને ત્યાર બાદ આખિરતનું એક બીજું નવું જીવન શરૂ થશે, જેમાં માનવીને તેના સારા નરસા કર્મોનું ફળ મળશે. અર્થાત્ મરવા બાદ અન્ય યોનિ–વર્ણ કે કુળમાં પુનર્જન્મની માન્યતાથી વિપરીત ઈસ્લામ માને છે કે માનવીને એના જ સ્વરૂપમાં ફરી પાછો સજીવન કરવામાં આવશે. અલ્લાહ તેને તેના સત્કર્મો–અપકૃત્યો દર્શાવી તેનો બરાબર હિસાબ કરશે અને પછી સ્વર્ગ–નર્કનો ફેસલો કરશે.

કુફ્ર, શિર્ક (અલ્લાહને જ પૂજનીય માની માત્ર અને માત્ર એની ઈબાદત ન કરવી, અન્યની ઈબાદત–આરાધના કરવી, વર્તમાન–ભૂત–ભવિષ્યની બધી જ ક્રિયાઓમાં અન્યને ભાગીદાર, સહયોગી સમજવું) એ ઘણો જ મોટો અને અક્ષમ્ય અપરાધ છે. ઉપરોકત આયતોમાં જે માણસ આ અપરાધોનો અપરાધી હોવાની હાલતમાં જ મૃત્યુ પામે, તેની શિક્ષા દર્શાવવામાં આવી છે.

એમાં ખોટું શું છે? મારા મતે કંઈ ખોટું નથી. દુનિયાની બધી જ સરકારો પોતાના શત્રુઓ અને વિરોધીઓને સજા આપે છે. પરમેશ્વર એટલો અશકત કેમ કરી હોઈ શકે કે પોતાના શત્રુઓને કંઈ પણ ન કરે !!!

કુફ્ર–શિર્કનું અક્ષમ્ય હોવું, એની શિક્ષામાં સદા નર્કની આગમાં હોમાવું ત્યારે છે, જયારે માનવી આ જ સ્થિતિમાં મૃત્યુ પામે. જો તે મૃત્યુ પહેલાં ઈશ્વરાધીન થઈ જાય, તવહીદ–એકેશ્વરવાદ માની લે, તો ઈસ્લામની માન્યતાનુસાર તે પૂર્વેના બધા પાપો ધોવાય જાય છે. આ તો અલ્લાહનો મોટો ઉપકાર થયો કે જીવનભર એના આદેશો ઠુકરાવનારને છેલ્લે એક વાર પણ એના શરણે આવી જવાથી ક્ષમા કરી દે છે, પરંતુ મૃત્યુ નિકટ આવી લાગે, આખું આયખું પુરૂં થઈ જાય, છતાં જેને જ્ઞાન ન લાધે અને એમ જ

પોતાના અંધકારમાં ડૂબ્યો મરી જાય તો નિઃશંક તે સજાનો હકદાર છે.

હિન્દુ ધર્મ ગ્રંથોમાં કયાંક નર્ક અને કયાંક નીચ યોનિના જન્મની શિક્ષાનું જે વર્ણન છે, તેનો આ જ મતલબ તો છે.

અન્ય ધર્મીઓ હિન્દુ ધર્મગ્રંથોમાંથી ધર્મને ન અનુસરનાર માટે વર્ણવેલા આદેશો, કથનો, શિક્ષાવચનો ટાંકીને એને પોતાના વિરુદ્ધ ગણાવી ફેરફારની માગણી કેમ નથી કરતા.

તટસ્થ વિશ્લેષકો અને ધર્માધિકારોઆના મતે તો વેદોમાં મુર્તિપૂજાનો સ્પષ્ટ નિષેધ છે. જો નિષેધ બરાબર છે તો લોકોએ પોતાનું આચરણ સુધારવું જોઈએ, અન્યથા તેના વિરુદ્ધ આચરણ ગણાશે અને વેદોમાં દર્શાવેલ ધર્મવિરોધની શિક્ષાના હકદાર ગણાશે.

આવા લોકોએ જોઈએ કે વેદોમાંથી મુર્તિપૂજાના નિષેધના આદેશોને બાદ કરી નાંખે, અથવા તો શિક્ષાવચનોનો છેદ ઉડાવે.

વેદોના અમુક કથનો અત્રે અમે રજૂ કરીએ છીએઃ–

*"જે જ્ઞાની વિદ્વાનો અને ધર્માત્માઓ છે અને જે એમના યોગ્ય શિષ્યો છે, તેઓ સર્વ પ્રથમ આકાશમાં પહોંચી દેવતાઓના પંથે સ્વર્ગમાં પહોંચી જાય છે."(અથર્વવેદ મંડળઃ૨, સુકત ૩૪, મંત્રઃ૫)*

*" તમારા શિષ્યો દાન અને પુણ્ય કરીને ઈશ્વરી સેવાઓ કરશે અને તમે સર્વે સ્વર્ગમાં ખૂશીઓ મનાવશો."*

*(ઋગ્વેદ મંડળઃ ૧૦, સુકતઃ ૯૫, મંત્રઃ ૧૮)*

*" અહિંયા (નર્કમાં) એના શરીરને સળગતા લાકડાઓની વચ્ચે નાખીને સળગાવવામાં આવશે. એને કયારેક બીજાઓની મારફતે એને એના જ માંસના ટુકડા ખવડાવવામાં આવશે."*

*(શ્રીમદ્ ભાગવતમહાપુરાણ સ્કંધ ૩, અધ્યાય ૩૦, શ્લોકઃ ૨૫)*

*" નર્કમાં જીવિત અવસ્થામાં એના આંતરડાં કુતરાં–ગીધો બહાર ખેંચી કાઢશે અને સાપ વીંછીં ઈત્યાદિથી એના શરીરને શિક્ષા–યાતના આપવામાં આવશે.( "    "    " મંત્રઃ૨૬)*

*"જે લોકો દોષિત અને અધર્મીઓ છે, એમના માટે નર્કમાં ખૂબ ઊંડી ભયાનક જગા બનાવવામાં આવી છે."*

*(ઋગ્વેદ મંડળઃ૪, સુકતઃ૫, મંત્રઃ૫)*

સ્વામી દયાનંદ સરસ્વતી ચાણકય નીતિ સારમાંથી ટાંકે છે કેઃ–

*" જે સન્યાસના મુખ્યધર્મ સત્યોપદેશ આદિ નથી કરતા, તેઓ પતિત અને નરકગામી છે."(સત્યાર્થ પ્રકાશઃ ૧૩૩)*

*" જે નર શરીરથી ચોરી, પરસ્ત્રીગમન, શ્રેષ્ઠોની હત્યા આદિ દુષ્ટકર્મો કરે છે, એને વૃક્ષો વગેરે સ્થાવરનો જન્મ, વાણીથી આચર્યા પાપકર્મોથી પક્ષી અને મૃગ વગેરે અને મનથી કર્યા દુષ્ટકર્મોથી ચંડાળ વગેરેનો જન્મ મળે છે.*

*(મનુસ્મૃતિ, અઃ૧૨, શ્લોકઃ ૮–૯)*

ઉપરોકત આયતો સંબંધી બીજી વિશેષ યાદ રાખવાની વાત એ છે કે એમાં સ્વયં અલ્લાહે કાફિરોને સજા આપવાનું વચન–પતિજ્ઞા લીધી છે. તેમાં કયાંય એવું નથી કહેવામાં આવ્યું કે કાફિરો–મુનાફિકોને તત્કાળ સજારૂપે હે મુસલમાનો તમે મારવાનું શરૂ કરી દો. સળગાવો, સતાવો. આ શિક્ષા અને સજા અલ્લાહનું કામ છે. 'આખિરત'માં તે જ કરશે. દુનિયામાં મુસલમાનોએ તેમની જાડે કેવી રીતે રહેવું, તેની વિગત આપણે અગાઉ જોઈ ચૂકયા. માટે આ આયતોમાં એવી કોઈ વાત કયાંય નથી, જે હિન્દુ મુસલમાનો વચ્ચે તંગદિલી, તણાવ, અણબનાવ કે ઝઘડાનું નિમિત્ત હોય.

પ્રશ્ન એ છે કે હિન્દુભાઈઓ આવી આયતોને સાચી માને છે કે જૂઠી? સાચી માનતા હોય (જેમ કે આવી આયતોથી તેમનું ગભરાવું અને તેના પોતાના વિરુદ્ધ સમજવું બતાવે છે) તો સાચો રસ્તો એ છે કે તેનાથી બચવાના પ્રયત્ન રૂપે ઈસ્લામ અંગીકાર કરી કાફિર ન રહેતાં આજ્ઞાકારી મુસ્લિમ બની સત્યધર્મ અપનાવી લે અને જો જૂઠી સમજતા હોય તો પછી છોડો ને બધી પંચાત, શીદને મંડયા છો? આખિરત આવશે ત્યારે દૂધનું દૂધ અને પાણીનું પાણી સામે આવી જશે.

બધા જ ધર્મવાળાઓ પરધર્મ અને તેની માન્યતાઓ સંબંધી આવી જ વિચારસરણી ધરાવતા હોય છે. કોઈ સ્પષ્ટ કહેતું હોય છે, તો કોઈ મોઘમ. માણસ પોતે પોતાના ધર્મ પર અડગ, આચરણમાં પૂરો હોય તો અન્ય ધર્મની ધમકીઓ, શિક્ષાવચનો ઈત્યાદિથી શા માટે બીવે? જયારે કે તે એને સાચી પણ નથી માનતો !!!

# કાફિર

કાફિર શબ્દ અરબી ભાષાના 'કુફ્ર' (ક—ફ—ર) પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છેઃ ઢાંકવું, ખોટું સમજવું. સંતાડવું, અકૃતજ્ઞી થવું. અરબીમાં ખેડુતને પણ કાફિર કહે છે, કારણ કે તે બીજને જમીનમાં ઢાંકે છે. એ જ પ્રમાણે રાત, દરિયા, કાળા વાદળ અને બખ્તર માટે પણ અરબીમાં કાફિર શબ્દ વપરાય છે. ખેડૂતના અર્થમાં તો કુર્આનમાં પણ વપરાયો છે. *(હદીદઃ ૨૦)* એ જ પ્રમાણે કુર્આનમાં મુસલમાનો માટે પણ આ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. *(જુઓ : બકરહઃ૨૫૬, આલે ઈમરાનઃ૧૦૧ વગેરે..)* ઘણી જગાએ અલ્લાહના ઉપકારો—એહસાનો—કૃપાઓ પર કૃતઘ્ની ન થનાર માટે વાપરવામાં આવ્યો છે. *(જુઓ : ઈબરાહીમઃ૨૮, ઈબરાહીમઃ ૭, લુકમાનઃ ૧૨ વગેરે..)* હદીસમાં પણ ઘણી જગાએ મુસલમાન માટે આ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

કાફિર શબ્દ જેમ કે દેશબંધુઓ અને અમુક મુસલમાનો પણ, સમજે છે; તેના અર્થમાં હિન્દુઓ પ્રત્યે નફરત, ઘૃણા, તિરસ્કાર કે અપમાનને કોઈ સ્થાન નથી.

પયગંબર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નબી બનવાના તેર વરસ પછી કુર્આનની એક આયતમાં પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સંબોધીને કહેવામાં આવ્યું કે "હે નબી ! તમે કહી દો કે હે કાફિરો... " પરંતુ આ સંબોધન અલ્લાહનું તેના વિરોધીઓ માટે છે. ત્યાર પછીના સમયમાં ઈસ્લામી સત્તા વર્તુળમાં અર્ધી દુનિયા આવી ગઈ, એમણે ત્યાંના લોકોને તે જ નામથી સંબોધ્યા, જેનાથી તેઓ પોતાને ઓળખાવતા હતા. શામમાં ઈસાઈ, પેલેસ્ટાઈનમાં યહૂદી, ઈરાનમાં મજૂસી (અગ્નિપૂજક), ચીનમાં બૌદ્ધ, ભારતમાં હિન્દુ, મિસરમાં કિબ્તી વગેરે.. કોઈ કહી નથી શકતું કે મુસલમાનોએ પોતે પણ કાફિરો માટે આ શબ્દ પ્રયોજયો હોય, બલકે આ શબ્દના પ્રયોજનને જો કાફિરો પસંદ ન કરતા હોય તો એનાથી એમને સંબોધવું ગુનાનું કામ છે. *(આલમગીરીઃ ૫/૩૪૮)*

ભારતમાં પણ સ્થાનિક મુસલમાનો, વિશેષ કરીને મોલવીઓ, મુફતીઓ તો હિન્દુ શબ્દ જ વાપરે છે. પણ કડવી વાસ્તવિકતા એ છે કે

ભારતના જ અમુક હિન્દુ સ્વાર્થીઓ, નફરતના સોદાગરો, શત્રુતાના ઉત્પાદકો પોતાનો ધાર્મિક અને રાજકીય સ્વાર્થ સાધવા ખાતર આ શબ્દને વધુથી વધુ ફેલાવી સમાજને છિન્ન ભિન્ન કરવા માંગે છે. આ ખેતીનો પાક સારો એવો તેમને લણવા મળે છે, તેનો અનુભવ પણ તેમણે કરી લીધો છે. માટે આ શબ્દને વધુથી વધુ કુખ્યાત કરવામાં આવી રહયો છે.

સામાન્ય પણે કુર્આન – હદીસ અને ઈસ્લામી પરિભાષામાં આ શબ્દ કોઈ પણ ગેર મુસ્લિમ( વિધર્મી કે અધર્મી બન્ને માટે) વપરાય છે.

કુર્આનમાં છ પ્રકારના માણસો માટે ઉપરોકત પારિભાષિક અર્થમાં કાફિર શબ્દ વાપરવામાં આવ્યો છે. (૧) મકકાના મુશિરકો–કાફિરો–મુર્તિપૂજકો. (૨) ઈસાઈઓ–ખ્રિસ્તીઓ (૩) યહૂદીઓ. (૪) સાબી એટલે કે તારાઓ અને ગ્રહોને પૂજનાર. (૫) અગ્નિપૂજકો. (૬) મુનાફિકો, જેઓ અંદરખાને ઈસ્લામને ન માનવા છતાં બાહ્ય રીતે ઈસ્લામ પ્રગટ કરતા કે તેનો દાવો કરતા હતા.

ઈસ્લામી માન્યતા પ્રમાણે દરેક કાફિર અલ્લાહના આદેશો (ઈસ્લામ ધર્મ)ને નહિ માનવાને કારણે જહન્નમ–નર્કમાં જશે, પરંતુ દુનિયામાં તેમની જોડેના અસ્તિત્વને લગતી બાબતોમાં તેમને વિવિધ ગ્રુપમાં વહેંચી દરેક માટે અલાયદું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(૧) ઝિમ્મીઃ ઈસ્લામી શાસન હેઠળ સરકારી પરવાનગીથી નાગરિક બની રહેનાર. આવા લોકોથી એક મામૂલી ટેકસ 'જિઝયા'ના નામથી લેવામાં આવે છે. એમના પ્રાણ–સંપત્તિ, ઈઝઝત–આબરૂ મુસલમાનોની જેમ જ રક્ષિત સમજવામાં આવશે. એમની હત્યાના બદલામાં હત્યારાને મુસલમાન હશે તો પણ મારી નાંખવામાં આવશે. (બહરુર્રાઈક)

(૨)મુસ્તામિનઃ પરદેશનો વતની જે સરકારી પરવાનગીથી ઈસ્લામી સીમાઓમાં વેપાર કે અન્ય કોઈ કાર્ય અર્થે આવે. એનાથી જિઝયા લેવામાં નહિ આવે. છતાં પ્રાણ–સંપત્તિ અને ઈઝઝત–આબરૂમાં તે મુસલમાન સમાન ગણાશે.

(૩)હર્બી કાફિરઃ સંધિ ન હોય એવા વિધર્મી–કાફિર શાસનનો નાગરિક. એના પ્રાણ–સંપત્તિના રક્ષણની જવાબદારી મુસલમાન પર નથી, પરંતુ એનો મતલબ એવો નથી કે એમના પ્રાણ હણવામાં આવે, માલ છીનવી લેવામાં આવે, બલકે અત્યાચાર, દગાબાજી, છેતરપિંડી વગેરે આવા

કાફિરોથી પણ જાઈઝ નથી.(બહરુર્રાઈક) બલકે લડાઈની સ્થિતિમાં પણ સ્ત્રીઓ, બાળકો, બીમારો, , અપંગો, પાગલો અને ધાર્મિક અલગારીઓને મારવા મના છે.

(૪)મુઆહિદઃ કાફિર–વિધર્મી શાસનનો નાગરિક, જેના દેશ અને ઈસ્લામી શાસન વચ્ચે 'ના યુદ્ધ'ના કરાર હોય. એના સાથે સંધિ–કરાર મુજબનું વર્તન કરવા મુસલમાન બાધ્ય છે. હદીસમાં છેઃ ''જે માણસના કોઈ સાથે ન લડવાના કરાર હોય, તો લડાઈની તૈયારી રૂપે એક ગાંઠને પણ ખોલ–બંધ ન કરે. જયાં સુધી કે સમય ન વીતી જાય અથવા નિયમ પ્રમાણે સંધિ તોડવાની ઘોષણા ન કરવામાં આવે.'' *(કન્ઝુલ ઉમ્માલ,૨/૨૭૦)*

અમીર મુઆવિયહ (રદિ.) એ એક વાર યુદ્ધના ઈરાદાએ સંધિકાળ દરમિયાન સૈન્યને રૂમીઓની સરહદે ગોઠવી દેવાનો ઈરાદો કર્યો. જેથી સમય વીતતા તુરંત આક્રમણ કરી દેવામાં આવે. આ ટાણે એક સહાબી અમ્ર બિન અબસા (રદિ.)એ ઉપરની હદીસ વર્ણવી અમીર મુઆવિયહ (રદિ.)ને આમ કરવાથી વાર્યા અને અમીર (રદિ.)એ તુરંત સૈન્યને પાછા વળવાનો આદેશ આપ્યો. *(જવાહિરૂલ ફિકહઃ૫/ ૮૦)*

વર્તમાનમાં બિન ધાર્મિક અને ભારત જેવા સેકયુલર –લોકશાહી દેશોમાં રહેતા લોકો પણ ઈસ્લામી દ્રષ્ટિએ આ જ પ્રમાણે એક બીજાના સમાન ગણાશે.

*(મવ. ખાલિદ સયફુલ્લાહ, બહસો નજર ત્રિમાસિક : ઓકટો.– ડીસેઃ ૨૦૦૦)*

અમુક વિદ્વાનોનું તો કહેવું છે કે યુનાઈટેડ નેશન્સના ચાર્ટર પર સહી કર્યા બાદ આખું વિશ્વ હવે એક જ સંધિમાં જોડાયને કરારબદ્ધ થઈ ચૂકયું છે. જયાં સુધી કોઈ પહેલ કરી એ સંધિને તોડે નહિ, તેના વિરુદ્ધ કોઈ પગલું ઈસ્લામી  દ્રષ્ટિએ પણ ઉચિત નહિ ગણાશે.

*(અ. રબ કરીમી, અસ્સલામ ત્રિમાસિક–દીલ્લી,૭/૧–૨)*

(૫)મુરતદઃ મુસલમાન થઈ ફરી જનાર, મુસ્લિમ શાસનમાં જ રહી આવી અકૃતજ્ઞતા અને દ્રોહકૃત્ય આચનારને પણ તુરંત સજા તો ન આપવામાં આવશે, બલકે તે પૂર્વે એને સમજાવી ફરી ઈસ્લામમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે, એની શંકાઓ હોય તો દૂર કરવામાં આવે, છતાં ન માને તો કેદ કરી ત્રણ દિવસની મહેતલ આપવામાં આવશે, અંતે એને દેહાંતદંડ આપવામાં આવશે.

(૬)ઝિન્દીકઃ જે હઝ. મુહમ્મદ પયગંબર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહના નબી માને, પરંતુ અન્ય માન્યતાઓમાં ઈસ્લામનું અનુસરણ ન કરે.

## *કાફિરો સાથે સામાજિક વ્યવહાર*

કાફિરો સાથે સામાજિક સંબંધો સંદર્ભે ઈસ્લામના આદેશો ઉદારતા ભર્યા છે. જેમ કેઃ ❍એમના માબૂદોને ભાંડવાની મનાઈ છે. *(કુર્આન, અન્આમ:૧૦૮)* ❍એમના પર ઝુલમ ગુજારી એની બદુઆ–નિસાસાથી બચવાની તાકીદ છે. *(હદીસ, મુસ્નદે અહમદ:૩/૧૧૫૩)* ❍કાફિરમાં ખામી એના અંતરમાં છે, શરીરને એના સાથે કોઈ લેવા દેવા નથી, માટે એનાથી હાથ ન મેળવવા વગેરે બાબતો અતિશયોકતિ છે. જેનો કોઈ આધાર નથી. *(તફસીરે મઝહરી)* ❍સામાજિક સ્તરે તેમની જોડે ઉદારતા અને સદ્‌વર્તન દાખવવામાં આવે. *(ઈનાયહ–ફત્હુલકદીર, બિદાયતુલ મુજતહિદ)* ❍એમની સુશ્રુષા, ખાણા–પીણાની દાવત આપવી–સ્વીકારવી, ભેટ–સોગાદ લેવી–દેવી વગેરે પણ દુરુસ્ત છે. ❍એવા નામો કે ગુણોથી સંબોધવામાં ન આવે, જે એને પસંદ ન હોય. ❍મુસલમાનના માતા પિતા કાફિર હોય છતાં પણ તેમના ભરણપોષણનો ખર્ચ મુસલમાનના સિરે રહેશે. ❍ઈસાઈ પાડોશી જયારે એક સમય બહાર રહયા બાદ પરત ફરે ત્યારે તેની જોડે મુસાફહો–હસ્તધૂનન કરવું ખોટું નથી. વગેરે *(આલમગીરીઃ ૫/૩૪૬–૩૪૮)* *(ઉર્દૂ એન્સાઈકલો પીડિયા ઓફ ઈસ્લામ, ૧૭/૩૩–૩૬,મુફતી તકી ઉસ્માની સાહેબ)*

હિન્દુ ધર્મગ્રંથોમાં પણ ધર્મ વિરોધી, વેદ વિરોધીને નીચ, પાખંડી વગેરે નામોથી સંબોધવામાં આવ્યા છે. જેમ કેઃ

*"(ધર્મધ્વજી) એટલે કે ધર્મ કંઈ ન કરે, પરંતુ ધર્મના નામ પર લોકોને ઠગે, (સદાલુબ્ધ) સદા લોભમાં રચ્યો રહેનાર, (છળકારી) કપટી, (લોકદંભક) સંસારી મુનુષ્યો સામે પોતાની બડાઈના ગપ્પાં હાંકનાર (હિંસક) પ્રાણીઓ હણનાર, અન્યોથી વેરબુદ્ધિ રાખનાર, (સર્વાભિસન્ધક) સારા નરસા બધાથી જ મેળ રાખે, આવા લોકોને વૈડાળવ્રતિક અર્થાત્ વિડાલ સમાન ધૂત અને નીચ સમજો." (મનુ.૪/૧૪૫)*

એના પછીના મંત્રમાં પણ અમુક ગુણો દર્શાવી આવા

ગુણધારીને નીચ કહેવામાં આવ્યો છે.

*"જે વદોની નિંદા કરે છે, તે નાસ્તિક છે." (મનુઃ ૨/૧૧)*

*" જે આકાશ સમાન બધા દેવોના દેવ પરમેશ્વર છે, એને જે મુનુષ્ય ન જાણે, એનું ધ્યાન ધરે, તે નાસ્તિક, મંદમતિ, સદા દુઃખસાગરમાં ડૂબ્યો રહે છે." (ઋગ્વેદ,મંઃ૧, ૧૬૪/૪૯)*

વેદનું ધર્માચરણ ઈસ્લામની ફરમાબરદારીથી જુદું જ હોવાનું, માટે મુસલમાનો વેદવિરોધી જ ગણાય, છતાં વેદની આ ધમકીઓ – શિક્ષાવચનો વગેરે મુસલમાનો પોતાના માટે નથી ગણતા. અલ્લાહ તઆલા સર્વેને સદબુદ્ધિ આપે.

આ જ સંબંધી વધુ ચર્ચા પ્રસ્તુત પુસ્તિકામાં પેજ નં ૩૧–૩૬ ઉપર જોઈ શકાય છે.

# ... જિહાદ ...

કાફિર શબ્દની જેમ જ જિહાદ શબ્દને પણ ખૂબ જ વગોવવામાં આવી રહયો છે. ફકત શબ્દ જ નહિ, ઈસ્લામી શરીઅતમાં જિહાદના સ્થાન અને આદેશને પણ ખોટી રીતે જોવામાં આવી રહયાં છે. એટલો કાદવ–કીચડ ઉછાડવામાં આવ્યો છે કે આ શબ્દ ગાળનો બીજો પર્યાય બની ગયો છે અને ૧૧ સપ્ટેમ્બરના હુમલાઓ બાદ તો આતંકવાદ અને જિહાદને સમાનાર્થી શબ્દો સમજી લેવામાં આવ્યા છે.

આંતરરાષ્ટ્રીય પ્રચાર માધ્યમો આજકાલ ઈસ્લામ શત્રુઓ (યહૂદીઓ–ઈસાઈઓ વગેરે...)ના પ્રભુત્વ હેઠળ છે. જેમનો પ્રથમ અને છેલ્લો પ્રયાસ એ જ રહે છે કે કોઈ પણ રીતે ઈસ્લામની નિર્મળ અને પવિત્ર માન્યતાઓ, જીવનમંત્રો, માર્ગદર્શનો અને આચાર–વિચાર સંબંધી સ્પષ્ટ નિર્દેશનોને વિશ્વ સમક્ષ આવતા રોકે, ઉપરાંત, તે વિશે ભ્રામકતાઓ ફેલાવવા માટે થઈ શકતા બધા જ પ્રયત્નો કરવામાં આવે છે. આજકાલ ગ્લોબલ વિશ્વના દોરમાં તો લગાતાર ઈસ્લામ અને મુસલમાનોને ભૂંડા ચીતરતી ફિલ્મો, નવલકથાઓ અને નેતાઓના જોરદાર ભાષણો દ્વારા આ કાર્ય અંજામ આપવામાં આવી રહયું છે.

જિહાદ શબ્દ અરબીમાં 'જ–હ–દ' પરથી બન્યો છે, જેનો શાબ્દિક અર્થ છેઃ મહેનત–પ્રયત્ન, પ્રયાસ અને કોશિશ.

ઈસ્લામી પરિભાષામાં જેહાદનો અર્થ છેઃ અલ્લાહ ખાતર, ધર્મની સ્થાપના અને દઢ્તા ખાતર –વ્યકિતગત મર્યાદામાં રહી કે એથી આગળ વધી સમાજ કે પ્રદેશ સુધી કે એનાથી પણ વિસ્તરી વધુ આગળ સુધી– પ્રયાસ કરવો અને શકિત, સામર્થ્ય અને બળનો પયોગ કરવો. માટે જ મનને કેળવવા અને તેના પર કાબૂ મેળવવાને જિહાદે અકબર કહેવામાં આવ્યું છે. *(હદીસ)* વધુ સ્પષ્ટ રીતે કહીએ તો જિહાદ મુસલમાનોની એક સામુહિક ફરજ અને ઈબાદત છે અને ઈબાદત સ્વરૂપે એને બજાવવામાં ધર્મ, કોમ અને સમાજ માટેના બધા જ પ્રયાસો (બહુ લક્ષી કે નકકી ધ્યેય આધારિત જેમ કે શત્રુ હત્યા વગેરે) શામેલ છે. અર્થાત્ જિહાદ ફકત લડાઈ – યુદ્ધનું જ નામ નથી, બલકે મિલ્લત, કોમ, સમાજના વિકાસ અને દઢ્તા માટેના

દરેક પ્રયત્નો જિહાદ કહેવાશે. જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રયાસ કરવા, પોતાની સંપત્તિ ધર્મ કાજે ખર્ચવી, અત્યાચારી સત્તાધીશ સામે છાતી ઠોકી સત્યોચ્ચાર કરવો અને જરૂર પડયે લડાઈ કરવી; બધું જ જિહાદ કહેવાશે.

આનાથી સ્પષ્ટ થયું કે ધર્મ કાજેની મહેનત–પ્રયાસનું નામ જિહાદ છે. જેનો એક ભાગ લડાઈ પણ છે.

## *જિહાદ એટલે લડાઈ – યુદ્ધ*

પરંતુ યાદ રાખવું જોઈએ કે ઈસ્લામી પરિભાષામાં જિહાદ શબ્દ જયારે પ્રયોજવામાં આવે અને તેના આગળ પાછળ અન્ય કોઈ અર્થ નકકી કરતી ચર્ચા ન હોય તો આ શબ્દ ફકત લડાઈ–યુદ્ધ માટે જ વપરાય છે.

*(મવ. તકી ઉસ્માની, તકમિલહ ફત્હુલ મુલ્હિમ, ૩/૪)*

આ જ લડાઈના અર્થમાં જિહાદ રક્ષણાતમક અને આક્રમક બન્ને પ્રકારના યુદ્ધ માટે વપરાય છે. ઈસ્લામની દ્રષ્ટિએ બન્ને પ્રકારે યુદ્ધ કરવું અવસર પ્રમાણે ધાર્મિક ફરજ છે. જેમ વતનની રક્ષા કાજે અવસર પ્રમાણે રક્ષણાત્મક અને આક્રમક બન્ને પ્રકારની લડાઈ વતનવાસીઓ પર ફરજ છે.

જિહાદ સંબંધી બીજી એક સ્પષ્ટતા એ કરવાની છે કે ઈસ્લામમાં જિહાદનો મુખ્ય ધ્યેય ફકત સત્ય સ્થાપના, અત્યાચારનો ખાતમો અને અલ્લાહના આદેશોને સર્વોપરી બનાવવા છે. ફકત પ્રદેશો જીતવા, માલ સંપત્તિ મેળવવા, શૌર્ય પ્રદર્શન અને નામના મેળવવા કે જૂથ વાદ ખાતર લડવાનું નામ જિહાદ નથી. તેનો અર્થ એવો પણ નથી કે સત્ય સ્થાપનાના નામ પર, અલ્લાહના આદેશોને સર્વોપરી બનાવવાના બહાને લોકોની ધાર્મિક સ્વતંત્રા છીનવી લેવામાં આવે, બલકે દરેકને તેની મરજી પ્રમાણે ધર્મ પાળવાની છૂટ છે.

શિર્ક–મુર્તિપૂજા ઈસ્લામની દ્રષ્ટિએ ભયંકર ગુનો અને અક્ષમ્ય અપરાધ છે, પરંતુ તે માણસનો વ્યકિતગત પ્રશ્ન હોય માનવીને એ છોડવા મજબૂર કરવામાં આવશે નહિ. બીજું કે આ અપરાધ ધર્મ સંબંધી હોય એની શિક્ષા અલ્લાહ પોતે જ આખિરતમાં આપશે. દુનિયામાં મુસલમાનને એ માટે અલ્લાહે કંઈ કરવાનો અધિકાર નથી આપ્યો, પરંતુ અત્યાચાર, અન્યાય, ભેદભાવ, અસલામતી, ખૂનામરકી, સામાજિક દુષણો, કુરિવાજો અને બહુ નુકસાનકારક પ્રણાલિકાઓ જે ઈસ્લામના વિચાર બિંદુ સાથે મેળ

ન ખાતી હોય, તે જરૂર અક્ષમ્ય અને અસ્વીકાર્ય છે અને શકિત પ્રાપ્ત થતાં તેને નષ્ટ કરવાના પ્રયત્નો કરવા આવશ્યક છે.

આ જ વાત કુર્આનમાં અલ્લાહ કહે છેઃ

*" આ તે લોકો છે, જેમને અમે ધરતી પર સામર્થ્ય આપીએ તો નમાઝ (ની પ્રથા) સ્થાપે અને ઝકાત આપે અને (લોકોને) સત્કર્મોનો આદેશ આપે અને કુકર્મોથી રોકે." (હજ઼:૪૧)*

હઝરત મવ. ઈદરીસ કાંધલવી સાહેબ (રહ.) લખે છેઃ

" ઈસ્લામ પોતાના શત્રુઓના પણ અસ્તિત્વ માત્રનો વિરોધી કદાપિ નથી, બલકે શત્રુના એવા સામર્થ્ય અને શકિતનો વિરોધી છે, જે ઈસ્લામ કે મુસલમાનો માટે જોખમ રૂપ હોય.

આધુનિક વિશ્વના બધા જ દેશો સ્વીકારે છે કે પ્રાણ–સંપત્તિ, આબરૂ અને સ્વબચાવ ખાતર લડવું માનવીનો બુનિયાદી અધિકાર છે, પરંતુ કોણ જાણે કેમ મુસલમાનો માટે આ અધિકાર સ્વીકારવામાં કંજૂસાઈ કરવામાં આવે છે..... ઈસ્લામી જિહાદનો આશય એ છે કે સચ્ચાઈ, ન્યાય અને સમાનતા વિશ્વમાં સર્વોપરી રહે. સ્વાર્થી નેતાઓ કે પક્ષો વિશ્વશાંતિને ખલેલ ન પહોંચાડે.

*(સીરતે મુસ્તફાઃ ૨ / ૨૬–૨૭)*

## જિહાદ કેવી પરિસ્થિતિમાં ?

હઝરત મુહમ્મદ પયગંબર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનમાંથી બોધ ગ્રહણ કરી મુસ્લિમ વિદ્વાનોએ ચાર વિવિધ સંજોગો દર્શાવ્યા છે, જે માનવીના જીવનમાં ઉદ્‌ભવી શકે છે.

(૧) કોઈ સ્થાને મુસલમાનો અત્યંત નિર્બળ હોય, શત્રુના અત્યારચારથી બચવાની શકિત અને પ્રતિકાર માટે સમર્થ ન હોય, સર્વ સત્તા અને આધિપત્ય અન્યોના હાથમાં હોય, તો આવી સ્થિતિમાં સબર કરી ત્યાં જ રહેવા અથવા ત્યાંથી હિજરત કરી અન્ય સ્થળે ચાલ્યા જવું જોઈએ. આવી સ્થિતિમાં જિહાદ–લડાઈનો આદેશ નથી. પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયાં સુધી મકકામાં હતા, આપને જિહાદનો આદેશ ન આપતાં સબર અને ક્ષમાની શીખ આપવામાં આવી હતી.

(૨) જયાં મુસલમાનો કંઈક શકિત ધરાવતા હોય અને એવી સ્થિતિમાં

હોય કે શત્રુનો પ્રતિકાર કરી, એના અત્યાચારનો બદલો લઈ શકે, અથવા પૂર્વ તૈયારી રૂપે એના જોખમથી રક્ષણ મેળવી શકતા હોય તો સમય અને પરિસ્થિતિ પ્રમાણે અત્યાચારીઓ–શત્રુઓની ઘેરાબંદી અને એમને ક્ષતિ – હાનિ પહોંચાડવાની છૂટ છે, પરંતુ આવું કરવું આવશ્યક કે જરૂરી નહિ, બલકે જાઈઝ અર્થાત્ કરી શકાય છે, જેમ કે હિજરત પછી મદીનામાં સ્થાયી થઈ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કાફિરોથી લડવાનું શરૂ કર્યુ, જિહાદનો આ પ્રારભિંક દોર ગણાશે.

(૩) મુસલમાનોનું એક શકિત કેન્દ્ર બની જાય અને શકિત સામર્થ્ય પ્રાપ્ત થઈ જાય અને જો કોઈ એમના પર અત્યાચાર કરે, અન્યાયથી વર્તે તો મુસલમાનોએ શકિત મુજબ શત્રુનો પ્રતિકાર અને અત્યાચારને ખતમ–નષ્ટ કરવા મેદાનમાં આવવું ફરજ છે. આને જ આપણે રક્ષણાત્મક જિહાદ કહીશું.

(૪) જયાં મુસલમાનોને સ્પષ્ટ સત્તા–શાસન પ્રાપ્ત હોય, ત્યાં ઈસ્લામી સત્તાને દઢ્ બનાવવા અને કાફિરો–અન્યધર્મીઓની અત્યાચારયુકત વ્યવસ્થા તોડવાના ભરપૂર પ્રયાસો કરવામાં આવશે. મકકા જિતાય ગયા પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને મુસલમાનો આવી જ દઢ્ સ્થિતિમાં હતા. આવી પરિસ્થિતિમાં શત્રુ તેના ધર્મ પર અડગ રહીને જ ઈસ્લામી શાસન હેઠળ વ્યકિતગત રીતે અથવા સંધિ કરી સરકારી રાહે જિઝયા વેરો આપે. અથવા સમાનતાના ધોરણે ના યુદ્ધના કરાર કરવામાં આવશે.

પરંતુ યાદ રાખવું જોઈએ કે આ પ્રકારના જિહાદનો આદેશ લોકોને બળના જોરે મુસલમાન બનાવવા માટે નથી, બલકે અમે અગાઉ જણાવ્યું તે પ્રમાણે તેનો આશય અલ્લાહની જમીન પર અલ્લાહના આદેશો અને વ્યવસ્થાની સ્થાપના કરવી છે.

ઉપરની વિગતોમાં કયાંય એવું જોવા ન મળશે કે ઈસ્લામે કાફિરને જયાં જુઓ ત્યાં તેની હત્યા–કતલનો આદેશ આપ્યો હોય.

હદીસ શરીફમાં છેઃ  જો કોઈ મુસલમાન ઈસ્લામી દેશમાં રહેતા કાફિરની વાંક–ગુના વગર હત્યા કરશે તો ચાલીસ વરસના અંતરથી આવતી સ્વર્ગની સુગંધથી પણ તે વંચિત રહેશે. (મિશ્કાતઃ ૨૯૯) ઉપરાંત, આવા હત્યારાને પણ બદલામાં કતલ કરી દેવામાં આવશે.

ટીકાકારે વર્ણવેલ અને સ્પષ્ટતા ખાતર અમારા તરફથી રજૂ કરવામાં આવેલી ઘણી આયતો આવા જ વિવિધ સંજોગોને આધીન અવતરી હતી. અમે એ આયતોના સ્પષ્ટીકરણમાં વિશેષ કરી તે વેળાના સંજોગોનો ઉલ્લેખ કરી તે આયતોનો સંબંધ તે સમયના શત્રુઓથી દર્શાવ્યો છે, પરંતુ કહેવાની જરૂરત નથી કે આજે પણ આવા સંજોગો ઉપસ્થિત થાય તો આ જ કુર્આન અને એ જ નબવી જીવનચરિત્ર મુસલમાનો માટે માર્ગદર્શક છે અને મુસલમાનોએ પોતાની સ્થિતિ પ્રમાણે અલ્લાહના આદેશોને આધીન રહી વર્તવું જરૂરી છે.

## જિહાદનો આશય લોકોને પરાણે મુસલમાન બનાવવું નથી.

જિહાદ લોકોને પરાણે મુસલમાન બનાવવા માટે નથી, બલકે ઈસ્લામની પ્રતિષ્ઠા અને સન્માનની રક્ષા માટે છે. પરાણે, બળાત્કારે સ્વીકારેલો ઈસ્લામ સ્વીકાર્ય પણ નથી. બાહ્ય રીતે ઈસ્લામ દર્શાવનાર અને અંતરથી નહિ સ્વીકારનારને મુસલમાન નહિ, મુનાફિક કહેવામાં આવે છે. પછી લોકો પર પરાણે ઈસ્લામ ઠોકી બેસાડવાનો શો અર્થ? કાફિરોથી જિઝયા અને સુલેહ–સંધિ દ્વારા એમના અસ્તિત્વ સ્વીકારના સઘળા આદેશો પણ દર્શાવે છે કે બળજબરીનું ઈસ્લામમાં કોઈ સ્થાન નથી.

કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

*" જો અલ્લાહ ઈચ્છત તો ધરતી પર બધા જ ઈમાન લઈ આવત. (મુસલમાન બની જાત). શું તમે લોકો પર દબાણ કરશો કે તેઓ મોમિન બની જાય." (યૂનુસઃ ૯૯)*

*" જે ઈચ્છે તે ઈમાન લાવે અને જે ચાહે તે કુફ્ર કરે." (કહ્ફઃ ૨૯)*

*"દીન (ધર્મ)ના બારામાં બળજબરી નથી, કારણ કે હિદાયત પોતે જ ગુમરાહીથી નોખી થઈ ચૂકી છે." ( બકરહઃ ૨૫૬)*

## શાંતિનો ઉપદેશક ઇસ્લામ અને જિહાદ

ઈસ્લામ શાંતિનો ઉપદેશક છે, શાંતિની સ્થાપના અને તેનો પ્રચાર–પ્રસાર ઈસ્લામનું મુખ્ય ધ્યેય છે, તો પછી તેના ઈતિહાસમાં, તેના શિક્ષણમાં અને તેની નીતિ–પ્રથામાં જિહાદ–યુદ્ધનું ઔચિત્ય શું છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સફાઈ માટે જેમ ગંદકી હટાવવી કે તેને ઉદ્ભવતાં

રોકવી અનિવાર્ય છે, સ્વાસ્થ્ય માટે રોગનું નિકંદન કે તેને આવતાં રોકવો પડે છે, તેમ શાંતિ, અમન, સમાનતા, ન્યાય, નીતિ અને સુસંસ્કારોની સ્થાપના માટે પણ તેના અવરોધક પરિબળોનું નિકંદન આવશ્યક છે. વિશેષ કરી એવી પરિસ્થિતિમાં જયારે આવા પરિબળો સત્ય–શાંતિને નષ્ટ કરવા મેદાને પડે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનકાળ દરમિયાનના મોટા યુદ્ધો કે નાની અથડામણો આવી જ પરિસ્થિતિનું પરિણામ હતું. ઈતિહાસ જોતાં અચંબામાં પડી જવાય છે કે ૨૩ વરસના ટૂંકા ગાળામાં મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આટલી મોટી ક્રાંતિ કરી નાખી કે આજે વિશ્વનો કોઈ ખૂણો એના પ્રભાવથી અલિપ્ત નથી, છતાં તેમણે લડેલી લડાઈઓમાં બંને પક્ષોની ખુવારીનો કુલ આંક ૧૦૧૮ છે અને ઈતિહાસ જોતાં સ્પષ્ટ જણાય છે કે શત્રુનો અત્યાચાર, આતંક, અન્યાય, કરારભંગ, શાંતિભંગ, લૂંટ, ખુનામરકી, અસમાનતા, અનીતિ, ધર્માંધતા જ આવી લડાઈઓનું નિમિત્ત બની હતી. શાંતિનો ઉપદેશક ધર્મ ઈસ્લામ લડાઈનું કારણ બન્યો હોય, એવું કયાંય નથી.

અહિંયા અત્યંત ખૂબીની વાત એ છે કે આ લડાઈઓ મુખ્યત્વે યુદ્ધક્ષેત્રમાં સામ સામે લડતા લોકો સુધી જ મર્યાદિત રહેતી. લડાઈથી અલિપ્ત પોતાના ગામડાંઓ, શહેરો, ઘરોમાં રહેતા નિર્દોષ સામાન્યજનોને કોઈ ક્ષતિ–હાનિ કે કષ્ટ પહોંચાડવામાં આવતું ન હતું. મુસલમાનો સાથે શત્રુઓની શત્રુતા તેમના ઈસ્લામ ધર્મી હોવાના કારણે હતી, છતાં બન્ને પક્ષોને અન્ય સંબંધોમાં ધાર્મિક ભેદભાવ આડે આવતો ન હતો. ડો. હમીદુલ્લાહ 'ખુત્બાતે બહાવલપૂર'માં એક ઉદાહરણ આપે છે કે હિજરી સન ૨ માં મુસલમાનો સાથેના પ્રથમ યુદ્ધમાં શત્રુઓની નામોશી ભરી હાર થઈ અને તેમણે તેમનું એક પ્રતિનિધિ મંડળ ઈથોપિયા (હબ્શા) મોકલ્યું, કે ત્યાં પહેલેથી જ હિજરત કરી સ્થાયી થયેલા મુસલમાનોને ત્યાંથી કઢાવી પોતાના તાબામાં લઈ તેમના પર અત્યાચાર ગુજારી પોતાની હારનો બદલો વાળે. આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અમ્ર બિન ઉમય્યા ઝમુરીને પોતાના એલચી બનાવી ત્યાંના રાજા પાસે મોકલ્યા. આ સમયે અમ્ર હજુ મુસલમાન ન હતા. *(ખુત્બાતે બહાવલપૂર, ડો. હમીદુલ્લાહ)*

આનાથી વિપરીત આજે શાંતિના નામ પર યુદ્ધ લાદવામાં આવે છે અને પછી સદાની અશાંતિ સ્થાપી દેવામાં આવે છે. અલ્જીરિયા, ઈરાક,

અફગાનિસ્તાન વગેરે એના બોલતા પુરાવાઓ છે.

લોકશાહીના સ્થાપના માટે ફ્રાંસની લોહિયાળ ક્રાંતિ, ભારત, અમેરિકા, કેનેડા, મિસર સુધી વિસ્તરેલો બ્રિટનનો સંસ્થાનવાદ અને તેની શોષણનીતિ તેમજ તે માટેના યુદ્ધો, વિયેટનામમાં અમેરિકાનો નરસંહાર, પ્રથમ અને દ્વિતીય યુદ્ધોની ખુવારી અને અફગાનિસ્તાન અને ઈરાકમાં અમેરિકાએ મચાવેલી તાજી તારાજીનો આંક લાખો–કરોડો સુધી પહોંચે છે. બંને પક્ષોના યોદ્ધાઓ ઉપરાંત, લાખો નિર્દોષ નાગરિકો મૃત્યુ તાંડવમાં હોમાયા. આ બધું શાંતિ અને મૂલ્યોની સ્થાપનાનું નામ લઈ કાલે પણ કરવામાં આવ્યું અને આજે પણ કરવામાં આવે છે. હિરોશીમા અને નાગાસાકી પર અમેરિકાએ કરેલા અણુ આક્રમણનો આજે પણ અમેરિકા બચાવ કરતાં કહે છે કે શાંતિ માટે આવું કરવું અનિવાર્ય હતું. પવિત્ર ગણાતા મહાભારતના યુદ્ધની ખુવારીનો આંક પણ કરોડોમાં છે. પેલેસ્ટાઈનની ધરતી તેના મૂળવાસીઓ પાસેથી ઈસરાઈલે છીનવી લીધી, હવે તેઓ તેની વિરુદ્ધ પોતાની માતૃભૂમિ ખાતર સંઘર્ષ કરે તો તેને આતંકવાદ કહેવામાં આવે છે. ઈરાકમાં પણ અમેરિકાનો આજ હાલ છે.

ઉપરના અમુક જ પુરાવાઓ અને નમૂનાઓના આધારે સાચા આતંકવાદીઓ, યુદ્ધવાદીઓ, વિનાશકારીઓ અને અત્યાચારીઓને ઓળખી શકાય છે. ઈસ્લામના ઈતિહાસમાં આવા ઉદાહરણો જડવા અશકય છે.

# કુર્આનની ૨૪ આયાતો માટે થતો વિરોધ અયોગ્ય છે

કુર્આન અલ્લાહ તઆલા તરફથી તેના અંતિમ પયગમ્બર હઝરત મોહમ્મદ સલ. પર ઉતારવામાં આવેલ અંતિમ વહી છે. એ અલ્લાહની કિતાબ હોય તો તેના રક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ તેણે સ્વીકારી છે, જેથી એ શકય નથી કે કોઈ તેમાં એક અક્ષરનો ફેરફાર કરી શકે.

આજકાલ કેટલાક લોકો તરફથી કુર્આનની ૨૪ આયાતો રદ કરવા માટે ખૂબ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જો કે કોઈ ધર્મના પુસ્તક વિશે એમ કહેવું બરાબર નથી જ. અગર કોઈ ગેરસમજ હોય તો તેના અભ્યાસ દ્વારા દૂર કરવી જોઈએ. આપણે જોઈએ કે એ ૨૪ આયાતો કઈ છે. ૮, જિહાદ સંબંધી છે. ૨, માલેગનીમત સંબંધી. ૧,જઝીયાવેરાને લગતી. ૪, શત્રુ સાથેના સંબંધો તોડવાના આદેશ બાબત. ૧,મુશ્રીકને અપવિત્ર દર્શાવતી. ૧,અલ્લાહના શત્રુઓ માટે. ૬,અલ્લાહ તઆલાના આદેશોના ઉલ્લઘંન કરનારા અલ્લાહના દુશ્મનોને શિક્ષા થવા બાબત (ઈસાઈ, કાફિર, અધર્મી વગેરે) આ ૨૪ કુર્આની આયાતો કાઢી નાંખવા પ્રચાર થાય છે.

કુર્આનની અભ્યાસની સાચી રીત એ છે કે તેને શરૂથી અંત સુધી અવલોકન કરે. અન્ય પુસ્તકની જેમ અલગ અલગ વિષયોની આયાતો છૂટી પાડીને ન જુએ, તે ખોટી રીત છે. કુર્આનની આયાતો અને સૂરતોમાં એના પૂર્વાનુબંધ અને ઉત્તરાનુબંધની જાણકારી મહત્વની છે, તો જ કુર્આનને સારી રીતે સમજી શકાય. વચ્ચેથી ગમે તે આયાતો લઈ તેનો અર્થ કાઢવાથી ગેરસમજ જ થવાનો ડર છે.

આપણે કાફિર શબ્દનો જ અર્થ લઈએ તો અરબી ભાષામાં તેનો અર્થ ઢાંકવું સંતાડવું, ખોટું સમજવું, અકૃતજ્ઞ એવો થાય છે.

કુર્આનમાં સૂરઅ બકરહ અને આલેઈમરાન વગેરેમાં મુસલમાન માટે પણ કાફિર શબ્દ વપરાયો છે. અલ્લાહના ઉપકાર પર કૃતજ્ઞ થનાર માટે જ તે છે. કોઈ કોમ માટે નથી. જિહાદ શબ્દ પણ રક્ષણાત્મક કે આક્રમક યુધ્ધ માટે જરૂર વપરાયો છે. ફકત ગેરકોમ સાથે લડવા માટેનો નથી. વતન માટે લડવાને પણ જિહાદ કહે છે. આ ૨૪ આયાતો વિશે મુફતી ફરીદ અહમદ કાવીએ સુંદર પુસ્તિકા લખે છે જેને જંબુસર,જી.ભરૂચથી જામિઅહ ઉલૂમુલ કુર્આન નામી સંસ્થા તરફથી મુફતી અહમદ દેવલ્વીએ પ્રકાશિત કરી છે. વધુ જાણવા ઈચ્છતા હોય તેઓ પુસ્તિકા મેળવી જરૂર વાંચે. ઈન્શાઅલ્લાહ તેમની ગેરસમજ દૂર થઈ જશે.

*હાજી અસદ અલ–બકીલી, વલસાડ*

*ગુજરાતમિત્ર દૈનિક, ચર્ચાપત્રો, ૨૨/જાન્યુઆરી/૨૦૦૪ ગુરૂવાર*